શાહ નગીનદાસ અને માણેકલાલ તરફથી ભેટ.

ॐ तत् सत्परमात्मनेनमः

પંડિત મુનિરાજ શ્રી
રત્નચંદ્રજી મહારાજે
કરેલાં
અવધાનો.



યોજક,

મગનલાલ મોતીચંદ શાહ રગોલ નિવાસી.

॥ ॐ ॥ तत्सत् श्री परमात्मने नमः ॥

पंડિત મુનિરાજ શ્રી

રત્નચન્દ્રજી મહારાજે

મુંબઈ નગરીમાં કરેલાં

અવધાનો.

લખનાર,

મગનલાલ મોતીચંદ શાહ રળોલ નિવાસી.

હેડ માસ્તર, મ્યુનિસિપલ ગ્રાન્ટરોડ ગુજરાતી સ્કુલ–મુંબઈ.

પ્રકાશક,

શાહ જેઠાલાલ રામજી તથા શાહ ગોકળદાસ પ્રેમજી

શેઠ દામજીભાઈ લક્ષ્મીચંદ જૈન ધર્મ સ્થાનકના

ઑનરરી સેક્રેટરીઓ. મુંબઈ.

પ્રથમ આવૃત્તિ–પ્રત ૨૦૦૦.

વીર સંવત ૨૪૪૨. ઈ. સ. ૧૯૧૫.

અમૂલ્ય.

અમદાવાદ.

શ્રી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

અવધાનોની અનુક્રમણિકા.

નંબર.	વિષય.	પૃચ્છક.
૧.	શ્લોકના અક્ષરો.	મી. મોતીચંદ ગીરધર કાપડીઆ સોલીસીટર.
૨.	રામા રત્નાની કથા.	
૩.	ગુરૂભક્તિ ઉપર સંસ્કૃત કાવ્ય.	મી. શીવજી દેવસીંહ.
૪.	૧૭૧ સંખ્યાનો યંત્ર.	મી. રતીલાલ ખોખાણી.
૫.	૬૪ પાનાની થોકડીઓ.	મી. નથુભાઇ દુર્લભજી.
૬.	ગુજરાતી વાક્ય.	રા. બા. રણછોડભાઇ ઉદયરામ.
૭.	રાજભક્તિ વિષે શિખરિણી વૃત્ત.	પ્રમુખ સા. સર ચંદાવરકર.
૮.	શ્લોકના બીજા ચરણના અક્ષરો.	મી. વ્રજલાલ ખીમચંદ શાહ.
૯.	ઇ. સ. ૧૮૫૨ માહે જુનની તા. ૨ જીએ કયો વાર?	મી. પી. એમ. કાજીજી.
૧૦.	પાસાના દાણા.	શેઠ મનમોહનદાસ રામજી.
૧૧.	અશુદ્ધ શ્લોક સુધારવો.	મી. જયસુખલાલ કે. મહેતા.
૧૨.	ક્ષમા વિષે નિબંધ ગુજરાતીમાં.	મી. ગુલાબચંદ દેવચંદ ઝવેરી.
૧૩.	સંસ્કૃત વાક્યો.	મી. મોતીચંદ ગીરધર કાપડીયા.
૧૪.	૩૮૪૮ સંખ્યાનો યંત્ર.	મી. કેશવજી મકનજી દોસી.
૧૫.	સંસ્કૃતમાં વાતચીત.	પ્રમુખ સાથે.
૧૬.	મૂઠીના પૈસા પૂછવાનું.	મી. શાંતિદાસ આશકરણ.
૧૭.	સંસ્કૃતમાં કથા કહેવામાં આવી.	
૧૮.	શ્લોકના ત્રીજા ચરણના અક્ષરો.	મી. મોતીચંદ ગીરધર કાપડીઆ.
૧૯.	એક ધારી રાખેલી સંખ્યાનો એક આંકડો ગુપ્ત રાખેલો તે શોધી કાઢવાનું.	મી. દેવીદાસ ધેવરીઆ.

૨૦.	જ્ઞાન ને પ્રેમ અથવા ભક્તિનો શો સંબંધ છે? તે વિષે સંસ્કૃતમાં નિબંધ.	પ્રમુખ સાહેબ.
૨૧.	નીતિ ઉપર હરિગીત છંદ.	મી. ઘડિયાળી.
૨૨.	વીંટીનો ચમત્કારી પ્રશ્ન.	પંચ તરફથી.
૨૩.	ચંદ્રની શીતળતા ઉપર સવૈયો.	મી. ઘડીઆળી.
૨૪.	હિંદી ભાષાનું વાક્ય.	મી. લક્ષ્મીચંદ મા. ખોખાણી.
૨૫.	શ્લોકનું ચોથું ચરણ નિયમવગર કહેવું.	મી. વ્રજલાલ ખીમચંદ શાહ.
૨૬ થી ૩૩	આંકડા ધારવા સંબંધીના આઠ ગૃહસ્થો તરફના હતા.	મી. સી. વી. મહેતા. મી. શાંતિદાસ. મી. વાડીલાલ. મી. દેવીદાસ. મી. કાનજી. મી. છોટાલાલ. મી. ઘડીઆળી. મી. રતીલાલ.
૩૪.	પરસ્યન ભાષાના વાક્યના શબ્દો.	મી. દાદામીયાં સૈદામીયાં.
૩૫.	અંગ્રેજી વાક્યના શબ્દો.	મી. વેલજીભાઇ લખમસી નપુ.
૩૬.	પાંચ રકમનો સરવાળો.	મી. કાજીજી બૅરિસ્ટર.

॥ प्रारंभे गुरुवंदनम् ॥

मंदाक्रान्ता ॥

शान्ताकारं, सुगुणसदनं, ज्ञानभाजं, मुनीशं,
शास्त्राधारं, सरलहृदयं, शुभ्रवर्णं, गुणज्ञं ॥
दोषैर्मुक्तं, विमलवदनं, पूज्यपादं, गुलाब-
चन्द्रं वंदे, गुरुवरमहं, प्रेमपूर्वं, प्रसन्नम् ॥ १ ॥

उपजाति ॥

योगीश्वरं, ज्ञानमयं, सुधीर-
मचिन्त्यमाहात्म्यमनन्तवीर्यं ॥
परं पराणां परमं पवित्रं
श्री रत्नचन्द्रं शरणं प्रपद्ये ॥ २ ॥

उपजाति ॥

नमो नमः पापनिवारकाय
नरोत्तमायामितविक्रमाय ॥
सुभव्यजीवार्तिविनाशनाय
तस्मै मुनीशाय नमस्करोमि ॥ ३ ॥

वंशस्थ ॥

महाबलं सर्वजनोत्तमं क्षितौ
मनोनुकूलं बुधबुद्धिवर्धनं ॥
ज्ञानात्मकं भव्यभवाब्धितारकं
गुरुं सुधीरं प्रणमन्न सीदति ॥ ४ ॥

मगनलाल मोतीचंद शाह.

પ્રસ્તાવના.

આ લઘુ પુસ્તક શામાટે તૈયાર કરવામાં આવ્યું? તેની શું જરૂર છે? આ પ્રશ્નનો અવકાશ ન રહે તેટલા માટે શરૂઆતમાં કાંઇક પ્રસ્તાવ બતાવવો જરૂરનો છે.

નોવેલ્ટી થિયેટરમાં થએલા અવધાનના મેળાવડામાં જે માણસો દૂર બેઠેલા હતા તેમજ વ્યવસાયને લીધે કેટલાએક આવી શકયા નહોતા તેઓને આ અવધાનો જોવાની અને સાંભળવાની તક મળી નહોતી, તેથી થએલા અવધાનોની હકીકત જાણવા તેઓને ઘણી જિજ્ઞાસા થઈ અને ઘણા તરફથી તેનો રિપોર્ટ તૈયાર કરાવવાની માંગણી થઇ. જોકે 'મુંબઇ સમાચાર' વગેરે પેપરોમાં થોડી હકીકત આવી હતી પણ તે જિજ્ઞાસા તૃપ્ત કરવાને પુરતી નહોતી. તેથી અવધાન પ્રસંગે પ્રશ્ન પૂછનારાઓના કાગળીઆ ઉપરથી રિપોર્ટ તૈયાર કરવાનું કામ માસ્તર મગનલાલ મોતીચંદ શાહને સોંપવામાં આવ્યું, અને તેમણે વખતનો ભોગ આપીને કામ બરાબર તૈયાર કરી આપ્યું તે ખાતે તેમનો આભાર માનવો ઘટે છે.

આ રિપોર્ટ તૈયાર કરવામાં મી. લક્ષ્મીચંદ માણેકચંદ ખોખાણીની કિંમતી સૂચના મળી છે તેથી તેમનો આભાર માનવામાં આવે છે.

આ સ્થળે અવધાન કરનારા મુનિશ્રીની ઓળખાણ આપવી બીનજરૂરી લાગે છે કેમકે સ્થાનકવાસી સંપ્રદાયમાં તેઓશ્રી સુપ્રસિદ્ધ છે, તોપણ તેમના જીવનની પૂર્વ હકીકત જાણવાની કેટલાકની જિજ્ઞાસાને તૃપ્ત કરવા કાંઇક ઉલ્લેખ કરવાની જરૂર છે. મુનિશ્રી રત્નચંદ્રજી મહારાજની જન્મભૂમિ કચ્છ—મુંદ્રા પાસે ભોરારા ગામ છે. તેઓ વણિક વીશા ઓશવાળ જ્ઞાતિમાં જન્મ્યા હતા. તેઓશ્રીનાં માતા—પિતા વિદ્યમાન છે. નાની ઉમરથી જ વૈરાગ્યભાવના મનમાં સ્ફુરેલી

હતી. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી એક પુત્રીનો જન્મ થતાં ગૃહ-સ્થાશ્રમના બંધનનો અંત આવ્યો. ફરી વાર તેમાં ન જોડાતાં વૈરાગ્ય-ભાવના દૃઢ થતાં સત્તર વરસની ઉંમરે સંવત્ ૧૯૫૩ ના જેઠ સુદી ૩ ને ગુરૂવારના દિવસે લીંબડી સંપ્રદાયના મહારાજ શ્રી ગુલાબચંદ્રજી સ્વામી પાસે દીક્ષા અંગીકાર કરી. જૈન શાસ્ત્રોનું જ્ઞાન સંપાદન કર-વાની સાથે સંસ્કૃત ભાષાનું જ્ઞાન મેળવવા માંડયું. સંસ્કૃત ભાષામાં સારા વિદ્વાનો પાસેથી વ્યાકરણ, કાવ્ય, અલંકાર, સાહિત્ય, ન્યાય વગેરે શાસ્ત્રોનું સારી રીતે જ્ઞાન મેળવવામાં બાર વરસ પસાર કીધાં, ત્યારપછી બીજી પણ કેટલીક ભાષાનું જ્ઞાન સંપાદિત કર્યું.

હાલમાં તેઓશ્રી સંસ્કૃત, પ્રાકૃત, માગધી, ઇંગ્લીશ ભાષાનું જ્ઞાન ધરાવે છે. સંસ્કૃત ભાષા ઉપર સારો કાબુ છે. સંસ્કૃતમાં બે ત્રણ ગ્રંથો રચ્યા છે, તેમાંના કેટલાક છપાઇ બહાર પણ પડયા છે. સંસ્કૃતમાં સારી રીતે વાતચીત કરવા ઉપરાંત તેઓ ભાષણ આપી શકે છે, જે આ અવધાનનો રિપોર્ટ વાંચવાથી જણાશે.

તેમને દીક્ષા લીધે આજે ૧૮ વરસ થયાં છે, અને ઉંમર ૩૫ વરસની છે. પોતાના ગુરૂ મહારાજશ્રી ગુલાબચંદ્રજી સ્વામીની સાથે આ વર્ષે મુંબઇ શહેરમાં ચોમાસું પધાર્યા છે, અને ઘણા શહેરીઓના આગ્રહથી અવધાનના પ્રયોગો બતાવવાની મહેરબાની કરી છે, જેથી તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

કોઇને એમ શંકા થાય કે મુનિ મહારાજોએ અવધાન:કરવાની શું જરૂર? શું તેમ કરીને તેઓને કીર્તિ મેળવવાની છે? નહિજ. એટલા માટે અવધાનો કરવામાં આવ્યાં નથી. પણ માણસમાં સ્મર-ણશક્તિ કે બીજી શક્તિઓ કેટલે અંશે હોઇ શકે અને બ્રહ્મચર્યાદિનું પાલન કરવાથી કેટલે અંશે ખીલી શકે, તેનો ખ્યાલ જનસમાજને આપવાને તથા ઘણા લોકોની અવધાન જોવાની આતુરતા શાન્ત કર-વાને આ પ્રયત્ન કરવામાં આવ્યો છે.

કેટલાકોએ એવી પણ શંકા કરી હતી કે થિયેટરમાં તો નાટકો જ ભજવાય, ત્યાં મુનિ મહારાજોએ શામાટે જઇ ભાષણ કે અવધાન કરવાં જોઇએ ?

આવી શંકા ઉઠાવનારને એમ ખબર નહિ હોય કે અહીંના થિયેટરોમાં કેવળ નાટકોજ ભજવાતાં નથી, પણ ભાષણો તથા ઇનામોના ભવ્ય મેળાવડાઓ વારંવાર ત્યાં જ થાય છે. બીજે ઠેકાણે બેઠકોની તેવી સગવડ ન હોવાથી આ સ્થળ મેળાવડા માટે અનુકૂળતાવાળું હોવાથી કાર્યવાહકો તરફથી પસંદ કરવામાં આવ્યું, અને તેમાં મુનિઓના ધર્મને કોઇ પણ રીતે બાધ આવે તેમ ન હતું.

એક માસિકના અધિપતિએ એવી શંકા ઉઠાવી છે, કે કોઇ ગૃહસ્થને સભાનું પ્રમુખપદ આપવામાં આવ્યું હોય ત્યાં સાધુ મુનિરાજ જાય કે ભાષણ આપે તો સાધુની શ્રેષ્ઠતા જતી રહે છે. આ બંધુએ વિશેષ અનુભવ મેળવ્યો હોય એમ લાગતું નથી. શ્રેષ્ઠતા ને અશ્રેષ્ઠતા શું હોઇ શકે તેની પણ તેને ખબર હોય તેમ જણાતું નથી. સભાની વ્યવસ્થા જાળવવા માટે, અને જૂદા જૂદા રંગના માણસોના મોટા મેળાવડામાં ગરબડાટ ન થાય તેટલા માટે માનનીય (મોભાદાર) ગૃહસ્થની પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવે છે. તેની સાથે સાધુઓને કાંઇ સંબંધ નથી. સભા જૂદી હોય છે અને ભાષણકર્ત્તા જૂદા હોય છે. સભાના પ્રમુખ એટલે ભાષણકર્ત્તાના પણ પ્રમુખ એમ માની લઇ ભાઇશ્રીએ ભૂલ કરી લાગે છે. મુંબઇ શહેરમાં મોટા મેળાવડા પ્રમુખની નિમણૂક સિવાય થતા નથી. રાજાઓને માનપત્ર આપવાના મેળાવડામાં પણ સારા શહેરીનેજ પ્રમુખપદ આપવામાં આવે છે, અને તે મેળાવડામાં રાજાઓની હાજરી હોય છે જ, તેથી રાજાનો દરજ્જો ઘટયો ને પ્રમુખનો વધ્યો એમ કહી શકાય નહિ. આવા મેળાવડા મુંબઇ શહેરમાં ઘણી વાર થયા છે, પણ

તેનો અનુભવ આ ભાઇને ક્યાંથી હોય ? યોગ્યાયોગ્યની વિચારશક્તિ વિના માત્ર પ્રસિદ્ધિ મેળવવાની ઇચ્છાથી મોટી મોટી વાતો કરવી કે લાંબું ચોડું લખાણ કરવું તે પોતાની બુદ્ધિની કિંમત કરાવવા બરાબર છે.

આ ભાઇએ પોતાના લેખમાં બીજી પણ એક ભૂલ કરી છે. તેણે એમ લખ્યું છે કે અવધાનના પ્રયોગોની ફી રાખવામાં આવી હતી. આ વાત તદ્દન જૂઠી છે. ફી તરીકે કોઈની પાસેથી પૈસા લેવામાં આવ્યા નથી. એમ હોયજ નહિ. જગ્યાના પ્રમાણ કરતાં પ્રેક્ષકોની સંખ્યા ઘણી વધી જવાનો સંભવ હોવાથી કોલાહલ થવાનો ભય રહે તેથી હદ બાંધવામાં આવી હતી કે જેને આમંત્રણ પત્રિકાનાં કાર્ડ આપવામાં આવે તેજ માણસ આવે. તે કાર્ડો બહારના પ્રતિષ્ઠિત ગૃહસ્થો ઉપરાંત સ્થાનકવાસી સંઘમાં કર ભરનારાઓને આપવામાં આવ્યાં હતાં. આનો અર્થ ફી લેવામાં આવી એમ આ ભાઇએ શા ઉપરથી કર્યો ? તદ્દન પાયા વગરની વાત લખવામાં આ ભાઇએ સાહસ કર્યું કહેવાય.

આ મેળાવડાનું કામ સાંગોપાંગ ઉતારવામાં પ્રમુખ સાહેબ તથા શેઠ મેઘજીભાઇ થોભણભાઈ તથા શા. વજલાલ ખીમચંદ તથા મી. લક્ષ્મીચંદ માણેકચંદ ખોખાણી તથા શા. કેશવજી મકનજી તથા ધેવરીઆ દેવીદાસ વગેરે ગૃહસ્થોએ તન મનથી જે સેવા બજાવી છે તે ખાતે તેમનો આભાર માનીએ છીએ.

લી૦ સેવકો

શાહ ગોકળદાસ પ્રેમજી તથા

શાહ જેઠાલાલ રામજી.

મુંબઇ શ્રી સ્થા. જૈન સંઘના ઓનરરી સેક્રેટરીઓ.

પંડિત મુનિરાજ શ્રી

રત્નચન્દ્રજી મહારાજે

મુંબઈ નગરીમાં કરેલાં

અવધાનો.

એક અવધાની મહાત્માની અદ્ભુત શક્તિ.

આ અનુપમ મુંબઇ નગરી કે જે સરસ્વતીના ઉપાસકોનું સ્થાન છે, પ્રાચીન ઈંદ્રપુરી જેવો જેનો વૈભવ છે, પૂર્વની રાજગૃહી કે દ્વારકા જેવી જેની ગણના કરી શકાય છે, એવા રમણીય શહેરમાં અનેક વિદ્વાનો ને મહાત્માઓનો પ્રસંગોપાત નિવાસ થાય છે. અત્ર નિવાસિત ઉક્ત ગણો પોતાનાં કાર્યોની દિશાને અનુસરીને પોતાની મહત્તાનો આસ્વાદ આ પ્રજાને આપે છે. કોઈ વ્યક્તિ પોતાના ઉચ્ચ વક્તૃત્વથી હેરત પમાડે છે, ત્યારે કોઇ ઉત્તમ ચારિત્ર્યની અમાપ છાપ પાડે છે, વળી કોઇ ધર્મના સિદ્ધાંતોનું અનેક રીતે પ્રતિપાદન કરે છે, તેમજ કોઇ શરીરશાસ્ત્રના અનેક પ્રયોગો બતાવી જગવિખ્યાત કીર્ત્તિ સંપાદન કરે છે. એમ અનેક રીતે આ પ્રજા મહાગણોના ઉચ્ચતમ પરિચયમાં આવેલી છે. આ પરિચયથી કાંઇક જ્ઞાન—રમણીય પરિચય હાલમાં આ શહેરની પ્રજાના અનુભવવામાં આવેલો છે. આ અદ્ભુત ને નવીન પરિચય કરાવનાર સંત પુરૂષનું નામ આપતાં

પહેલાં પ્રથમ તેમની દિશામાં થએલ ગત પરિચય સ્મરણમાં લાવવાની આવશ્યકતા ઉત્પન્ન થાય છે.

શીઘ્ર કવિ ભારતમાર્તંડ પંડિત ગટુલાલજીના જીવનને આપણી હૃદયભૂમિમાં ઉતારી તેમની શક્તિનું થોડું માપ કરવું જોઇએ, કે આજે આપણે તેમને કેવા માનથી સંભારીએ છીએ. તે સમયે જેઓ એ મહાત્માના પરિચયમાં આવ્યા હશે તેઓ જ તેમની શક્તિનું માપ કરી શકશે. તેમના શ્રુત કથન ઉપરથી કહી શકીશું કે તેઓ ઉત્તમ કવિ ને અવધાની પુરૂષ હતા. કવિ એટલે શું ? ને અવધાન એટલે શું ? આ બે શબ્દની વ્યાખ્યા નીચે આપીશું.

આ ગુર્જર પ્રદેશમાં તેમના અવસાન પછી તે જ કાળના અરસામાં એક વણિક જૈન ફિલોસોફરની હૈયાતી હતી જેઓ પણ એક સારા અવધાની તરીકે તેમજ શીઘ્ર કવિ તરીકે માન પામેલા હતા. તે શ્રીમદ્ રાજચંદ્ર કે રાયચંદ્ર કવિને નામે ગુર્જર પ્રજાને સુવિદિત છે. શ્રીમાન્ રાજચંદ્રનું કવિજીવન ને અવધાન શક્તિ પ્રશંસાપાત્ર હતાં. આ બે મહાત્માના દેહોત્સર્ગ પછી હાલ વિદ્યમાન અવધાની પુરૂષ આ ગુર્જર ભૂમિમાં ફક્ત અમુકજ દૃષ્ટિભૂત થયા છે, જેઓમાં એક મહામહોપાધ્યાય શાસ્ત્રી શંકરલાલ છે. આ શાસ્ત્રીજી આઠ અવધાન સારી રીતે કરી શકે છે, તેમજ કવિતાનું પણ ઉંચું જ્ઞાન ધરાવે છે. હાલ શીઘ્ર કવિ તરીકે તેમની ગણના થાય છે. તેઓશ્રીનું નિવાસસ્થાન હાલ મોરબી છે.

આત્માની અનંત શક્તિ છે એમ શાસ્ત્રકારો કહે છે. આ શક્તિ જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ અવધાન શક્તિ પણ વધતી જાય છે. આ પ્રમાણે આત્મશક્તિનો બહોળો વિકાસ કરી લગભગ સો અવધાન કરવાની શક્તિ સંપાદન કરેલા એક બીજા અવધાની મહાત્મા વિદ્યમાન છે, જેઓ જૈન સ્થાનકવાસી સંપ્રદાયના એક અગ્ર-

ગણ્ય મુનિ રત્નચંદ્રજીને નામે ઓળખાય છે. તેઓ પોતાના ગુરૂ મહારાજ શ્રી ગુલાબચંદ્રજી સ્વામી સાથે ચાતુર્માસ નિમિત્તે હાલ મુંબઇ પધારેલા છે. "બહુરત્ના વસુંધરા" એ ઉક્તિ સત્ય છે. એક પછી બીજાની હૈયાતી એ સૃષ્ટિક્રમ છે.

પ્રારંભમાં જણાવ્યું કે અનેક મહાશયોએ પોતાની દિશા જે સ્વરૂપે નિર્ણિત કરેલી, તે સ્વરૂપનો આસ્વાદ પ્રજાએ લીધેલો; પરંતુ તેનાથી જુદું જ સ્વરૂપ આ અવધાનપ્રક્રિયા બતાવે છે. હવે અવધાનપ્રક્રિયા એટલે શું તેનો કાંઇક ઉલ્લેખ કરવો આવશ્યક લાગે છે. અવધાન શબ્દના અર્થમાં 'અવ' ઉપસર્ગ ને 'ધા' ધાતુ ધારણ કરવું 'અન' ક્રિયાવાચક પ્રત્યય, એટલે "સારી રીતે હૃદયમાં ધારણ કરી રાખવું તે" એમ શબ્દાર્થ થાય છે. વળી અવધાન એટલે "લક્ષ" પણ થાય છે. આ શબ્દનો વધારે વિસ્તારથી અર્થ એવો કરી શકાય કે,—હૃદયપટમાં એક પછી એક એવી અનેક બાબતો ઘટતી રીતે સંગ્રહી રાખી જેમ એક જાદુગર પોતાની હાથચાલાકીથી ક્રમવાર અમુક વસ્તુઓ બતાવીને લોકોને ચકિત કરી નાંખે છે, તેમ ચિદ્દવૃત્તિના અનેક વિષયો વર્ણુરંગી વચનો ને તેના સમુલ્લાસો બુદ્ધિની પરિસીમા દર્શાવતા ક્રમસર પૃચ્છક પ્રતિ યથાઘટિત સંકલનામાં કહેવામાં આવે છે. આથી વિશેષ કાંઇક આ અવધાનપ્રક્રિયાને કહી શકાય.

હવે કવિ સંબંધે વિચાર કરતાં એટલું સિદ્ધ થાય છે કે કોઇ પણ સારો કવિ હરકોઇ વસ્તુનું આલેખન તે વસ્તુની ઘટતી સંકલના કરવાના સમયને ભોગે કદાચ કરી શકે, પરંતુ આવા અવધાની મહાત્માઓને વસ્તુની સંકલના કે ઘટના કરવાનો સમય જ જ્યાં રહેતો નથી, તેમજ વસ્તુનું સ્વરૂપ સમજવાને ચિદ્દવૃત્તિને દોરવાની પણ મુશ્કેલી પડે છે, વળી બીજા અસાધારણ વિચારો ગુંચવણરૂપે હૃદયપટમાં

પડેલા હોય છે, તેવા સમયમાં વસ્તુનું આબેહુબ વર્ણન, સુંદર પદબંધ, ને પિંગળના નિયમે, માગેલાજ સ્વરૂપમાં, વિદ્વત્તાથી ભરપૂર ને અલૌકિક ગુર્જર યા ગિર્વાણ ભાષામાંજ તૈયાર કરવું, એ કવિનેજ શીઘ્ર કવિ કહી શકાય છે. આવા યોગ્ય પ્રમાણવાળા કવિ ને અવધાની મહાત્મા આ ગુર્જર ભૂમિમાં વિદ્યમાન છે જે ખરેખર આનંદનું કારણ છે.

હાલના આ વિદ્યમાન મહાત્મા રત્નચંદ્રજી મહારાજે આ મુંબઇ શહેરમાં તા. ૧૭–૧૦–૧૫ ને રોજ ૨૦ અવધાન થોડા સાક્ષરો સમક્ષ વનિતાવિશ્રામના નવા મકાનમાં કરી બતાવ્યા હતા. આ વખતના સંમિલનમાં સ્મૉલ કૉઝ કોર્ટના જજ મી. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી એમ. એ. એલ. એલ. બી. તથા શેઠ મેઘજીભાઇ થોભણભાઇ તથા શેઠ તુલસીદાસ મોહનજી વગેરે મુખ્ય હતા. જોકે આ અવધાન ક્રિયા ખાનગી હતી એટલે બહુ સમુદાય તે જોઈ શકયો નહોતો; પરંતુ મહારાજશ્રી પાસે કાંઇક વધારે અવધાન કરાવી પ્રજાજન આવા ચમત્કૃતિવાળા પ્રયોગો જોઇ વધારે આનંદ મેળવી શકે એમ શહેરના અગ્ર પુરૂષોનો વિચાર થતાં તેમની માંગણી ઉપરથી આ મહાત્માએ ત્રણ કલાકમાં થઇ શકે તેટલાં અવધાનો, હાઇકોર્ટના માજી જજ ન્યાયમૂર્તિ સર ચંદાવરકર નાઇટના પ્રમુખપણા નીચે કોટના નોવેલ્ટી નામના ભવ્ય થીએટરમાં બતાવ્યા હતા. આ મહાત્મા લગભગ સો અવધાનો કરી શકે છે. તેઓશ્રીએ છેલ્લાં પાંચ વર્ષમાં માંગરોળ, જેતપુર, પાલનપુર, ને મોરબી ખાતે ૧૫ થી ૫૨ સુધી અવધાનો કર્યાં હતાં.

આ મહાત્મા સંસ્કૃત ભાષાના સાક્ષર છે, ને વિદ્વાન્ શાસ્ત્રી સાથે સરસ રીતે વાતચીત કરી શકે છે તેમજ સંસ્કૃત ભાષામાં પણ ભાષણો આપે છે. તેમને ઇંગ્રેજી ભાષાનું પણ કેટલેક અંશે જ્ઞાન છે. વળી હિંદી, માગધી, પ્રાકૃત, કચ્છી વગેરે ભાષાપર પણ તેઓશ્રી

સારો કાબુ ધરાવે છે. આ મહાત્માનું જ્ઞાન ને શક્તિ કેટલાં તીવ્ર છે તે નીચેનું બ્યાન વાંચવાથી વાચકને પ્રત્યક્ષ થશે.

હાલની આ અવધાનક્રિયાનો મેંળાવડો કરવા નીચે લખેલા સદ્ગૃહસ્થોના નામથી આમંત્રણપત્રિકા કાઢવામાં આવી હતી.

ઓન. મી. મનમોહનદાસ રામજી વોરા.

શેઠ ખેંગારભાઇ થોભણભાઇ જે. પી.

મી. ટી. એમ. કાઝીજી (બૅરિસ્ટર—ઍટ—લૉ.)

શેઠ મેઘજીભાઈ થોભણભાઇ.

મી. સુંદરદાસ નારણદાસ (રાવ બહાદુર) બી. એ. એલ. એલ. બી. સોલીસીટર.

શેઠ તુલસીદાસ મોનજી વોરા.

મી. વેલજી લખમસી નપુ બી. એ. એલ. એલ. બી.

મી. મોતીચંદ ગીરધર કાપડીઆ બી. એ. એલ. એલ. બી. સોલીસીટર.

મી. હીરાચંદ વનેચંદ દેશાઇ.

મી. હંસરાજ દામોદર ટોપરાની.

મી. વ્રજલાલ ખીમચંદ શાહ બી. એ. એલ. એલ. બી.

મી. વાડીલાલ ત્રિભોવનદાસ ઝવેરી.

રા. રતનશી તલકશી ધનજી.

આ ભવ્ય સંમિલનમાં લગભગ પંદરસો માણસોએ ભાગ લીધો હતો, જેમાં નીચેના ગૃહસ્થો મુખ્ય હતા.

સર નારાયણ ગણેશ ચંદાવરકર નાઇટ, રા. બા. રણછોડભાઇ ઉદયરામ (કચ્છના માજી દિવાન), મી. સી. વી. મહેતા, શેઠ ગુલાબચંદ દેવચંદ ઝવેરી, શેઠ દેવકરણ મૂળજી, શેઠ મકનજી જૂઠાભાઇ બૅરિસ્ટર—ઍટ—લૉ, તથા મી. ખુશાલ તલકશી બૅરિસ્ટર—ઍટ—લૉ.

આ પ્રસંગમાં એવી ગોઠવણ અગાઉથી કરવામાં આવી હતી કે ત્રણ કલાકના વખતમાં જેટલાં અવધાન થઇ શકે તેટલાં કરવાં કેમકે તેથી વધારે વખતસુધી શ્રોતાઓ ધીરજ રાખી શકે નહિ.

હવે અવધાનક્રિયા કેવી રીતે બતાવવામાં આવી તે સંબંધે વાચકની વૃત્તિને તૃપ્ત કરવી જોઇએ. તા. ૨૪-૧૦-૧૫ રવિવારને રોજ સવારે ૮ કલાકે (મું. ટા.) આ મેળાવડાનું કામ શરૂ થયું હતું. આવા શહેરમાં ને તેમાં વળી આવા કાર્યપ્રસંગે પ્રેક્ષકો ભરાઇ જવામાં બાકીજ શેની હોય? અગાઉથી મેળવી રાખેલા કાર્ડવાળાજ આ કાર્યમાં ભાગ લે એવો ઠરાવ નક્કી કરવામાં આવ્યો હતો કેમકે અવધાનના પ્રયોગોમાં શાંતિની પૂરી જરૂર પડે છે, માટે બીજી સભાઓની પેઠે માણસોનું અનિયમિત આવાગમન આ પ્રસંગને પ્રતિકૂળ થાય તેથીજ એવી ગોઠવણ કરવામાં આવી હતી.

સ્ટેજ ઉપર અવધાનના પ્રશ્ન પૃચ્છક વૃંદ તથા માનનીય ગૃહસ્થો ગોઠવાઇ ગયા ને આઠ વાગવાની તૈયારી હતી, ત્યાંજ પ્રમુખ સાહેબનું આગમન થયું. સૌએ તેમને સારૂં માન આપ્યું, જે ઉપરથી તેમની લોકપ્રિયતા પ્રત્યક્ષ થતી હતી. બરાબર આઠ કલાકે મહાત્મા રત્નચંદ્રજીના વંદનીય વદનના દર્શન થતાં થીએટરમાં જયજીનેંદ્રના અવાજો થઇ રહ્યા. સર્વ ક્રમ પ્રમાણે ગોઠવાઇ ગયું.

પ્રેક્ષકોમાં જેણે જીંદગીમાં આવી અવધાન ક્રિયા જોઈ ન હતી, તેઓ આ ક્રિયા કોણ જાણે કેવી હશે તેના વિચારમાં જ મુગ્ધ થએલા જણાતા હતા. ત્યારે કેટલાક અદ્ભુત શક્તિવાળા મહાત્માની ગણના કરતા હતા, કેટલાક વંદનીય ભારત ભૂમિને આવા પુત્રો ઉત્પન્ન કરવાની સાબાશી આપતા હતા, ત્યારે કેટલાક અનેક વિચારની લહરીઓનું પાન કરતા હતા, તેવામાંજ આ સૌમ્ય મૂર્તિનાં દર્શન થતાં સૌને સાનંદ થયો. સભાના કાર્યક્રમ મુજબ પ્રમુખની ચુંટણી થતાં તેઓ સાહેબ તરફથી અવધાનો કરવા વિનંતિ થઇ.

અવધાનોનો પ્રારંભ.

પ્રારંભમાંજ મહાત્માએ પંચ પરમેષ્ઠીની સ્તુતિ ઉગ્ર ધ્વનિથી કરી અવધાન પ્રક્રિયા શરૂ કરવાનું જણાવ્યું. પ્રથમ આરંભમાં સ્ટેજ ઉપર બેઠેલામાંથી પ્રમુખ સર ચંદાવરકર નાઇટે "સુભાષિત રત્ન ભાણ્ડાગાર" નામનું પુસ્તક હાથમાં લીધું, જેમાંથી કોઇ પણ એક શ્લોક મહારાજશ્રી ન જાણે તેમ પસંદ કરવામાં આવ્યો. તેના ૪ વિભાગ કરી ચાર ગૃહસ્થને પોતાની નોટમાં ખાનગી રીતે ઉતારી આપવામાં આવ્યા.

૧ અવધાન ૧ લું.

પહેલા અવધાનમાં શ્લોકનો પહેલો કકડો મહારાજશ્રીને નીચે પ્રમાણે સંભળાવવામાં આવ્યો. આ વિભાગના ચરણના આઠ અક્ષર હતા. તે આડા અવળા ગોઠવી મી. મોતીચંદ ગીરધર કાપડીઆ બી. એ. એલ. એલ. બી. સોલીસીટરે એવી રીતે કહ્યા કે જેનો સાતમો અક્ષર **यो**, ચોથો અક્ષર **पौ**, બીજો અક્ષર **हा**, છઠ્ઠો અક્ષર **षं**, આઠમો અક્ષર **हि**, પહેલો અક્ષર **वि**, ત્રીજો અક્ષર **य** ને પાંચમો **रु** છે, એ પ્રમાણે પહેલું ચરણ સંભળાવ્યું.

અવધાનક્રિયાઓમાં દરેક કાર્યના જવાબો પાછળ આપવામાં જ સ્મરણશક્તિની કસોટી થાય છે, કેમકે કોઇ પણ પ્રશ્નનો જવાબ જો તુરત માંગવામાં આવે તો ચતુર ને સુજ્ઞ પુરૂષ કદાચ ગોઠવણી કરી જવાબ તરત આપી પણ શકે; કેમકે તેને એટલુંજ યાદ રાખવાનું હોય છે; પરંતુ આટલો અવકાશ તથા સગવડ આવા અવધાનીઓનીને આપવામાં આવતી નથી. પહેલો કકડો સાંભળ્યા પછી તુરત મહારાજશ્રીએ નીચે પ્રમાણે કથા શરૂ કરી. આ કથા બીજા અવધાન તરીકેની છે.

અવધાન ૨ જું.

રામા ને રત્નાની કથા.

રામો ને રત્નો નામના બે કોળી હતા. આ બંનેમાં ધર્મના કાંઇ સંસ્કાર નહોતા. મનુષ્ય જીવનનો હેતુ શો છે ? તે કાંઇ તે સમજતા નહોતા. કર્તવ્ય અકર્તવ્યનું તેમને ભાન ન હતું. ચોરી તેમજ પશુની હિંસા વગેરે નિંદ્ય કર્મ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. પાપ ને પુણ્ય તે શું તેની તેમને સમજ કયાંથી હોય ? સત્સંગ તેમની જીંદગીમાં આજસુધી તેમને થયો ન હતો, તેમજ બીજા શબ્દોમાં કહીએ તો મનુષ્ય રૂપે પશુજ હતા. કેટલોક સમય તેવી પાપક્રિયામાં વ્યતીત થયા પછી એક વખતે તેમને કોઇ સંત મહાત્માનો સમાગમ થયો. આ સંત પુરૂષે તે બંને કોળીને થોડો થોડો બોધ આપ્યો, આત્માનું કર્તવ્ય સમજાવ્યું, તેમજ પાપથી થતું પોતાનું અહિત તે પણ તેમને મહામહેનતે મગજમાં ઉતાર્યું. છેવટે કહ્યું કે તમારી વૃદ્ધાવસ્થાને લીધે હવે તમારી જીંદગીનો થોડો વખત બાકી છે. આટલા ટુંક વખતમાં તમો તમારૂં શ્રેય કરો. ઘરબાર મિલ્કત વગેરે તમારાં સંતાનોને સોંપી તમો તીર્થયાત્રા કરવા જાઓ કે જેથી તમારૂં કરેલું પાપ ધોવાઇ જાય.

આટલી વાત અધૂરી મૂકી તુરતજ ત્રીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો.

અવધાન ૩ જું.

મી. શીવજી દેવશીએ એવો પ્રશ્ન પૂછયો કે વસંતતિલકા વૃત્તમાં સંસ્કૃત ભાષામાં 'ગુરૂભક્તિ' પર એક કાવ્ય લખાવવા મેહેરબાની કરવી. વસંતતિલકાના માપ તાલ કે વસ્તુનો ખ્યાલ હજુ આવ્યો નથી, એટલામાં તે જ ક્ષણે મહારાજશ્રીએ વસંતતિલકા સંસ્કૃતમાં લખાવવો શરૂ કર્યો. આખા કાવ્યના ૨ ભાગ પાડી પૂર્વાર્દ્ધ નીચે પ્રમાણે લખાવ્યો:

वसंततिलका वृत्तम् ।

जाड्यं निहन्ति मनसो गुरुभक्तिरुच्चै-
र्ज्ञानं ददाति परमं सकलां श्रियं च ॥

ભાવાર્થઃ—ગુરૂભક્તિ મનની જડતા કે અંધકારનો નાશ કરે છે, તેમજ ગુરૂભક્તિ પરમ જ્ઞાન એટલે કે આત્મજ્ઞાન અને સર્વ પ્રકારની શ્રી પણ આપે છે.

આ પૂર્વાર્દ્ધ પૂરો થયો કે તુરતજ મી. રતિલાલ લક્ષ્મીચંદ ખોખાણીએ અવધાનનો ચોથો પ્રશ્ન પૂછવાની માંગણી કરી.

અવધાન ૪ થું.

આ માંગણી એવા પ્રકારની હતી કે સોળ ખાનાના યંત્રમાં એવા આંકડા ભરાવવા કે ગમે તે તરફથી ગણતાં સરવાળો ૧૭૧ જ થાય. આ પ્રશ્ન થતાંની સાથે જ મહારાજશ્રીએ અર્ધો કોઠો નીચે પ્રમાણે ભરાવ્યોઃ

૭૭	૮૫
૬	૩
૮૪	૭૮
૪	૫

ઉપર પ્રમાણે અર્ધો કોઠો તૈયાર કરાવી આ યંત્ર અધૂરો મૂક્યો કે તુરતજ મી. નથુભાઈ દુર્લભજીએ અવધાનનો પાંચમો પ્રશ્ન કર્યો.

અવધાન ૫ મું.

૬૪ પાનાની થોકડી લઈ પોતાની ઇચ્છા મુજબ તેના ૬ ભાગ કરી નીચે મૂકી હતી, તે ઉપરથી એવો પ્રશ્ન મૂકવામાં આવ્યો કે આ છ થોકડીઓના નીચેના આંકડાઓનો સરવાળો કેટલો થાય? એમ પ્રશ્ન મૂક્યા પછી તુરતજ કામ આગળ ચાલુ થયું.

અવધાન ૬ ઠ્ઠું.

આ છઠ્ઠા અવધાનનું કામ ગુર્જર સાક્ષરરત્ન રા. બા. રણછોડભાઇ ઉદયરામને સોંપવામાં આવ્યું હતું. તેઓએ ગુજરાતી ભાષાના એક વાક્યના આડા અવળા શબ્દો મહારાજ સાહેબને એવી રીતે કહ્યા કે,

ત્રીજો શબ્દ 'જય'	છઠ્ઠો શબ્દ 'જાજો'
પાંચમો શબ્દ 'જર્મન'	પહેલો શબ્દ 'બ્રિટિશ'
બીજો શબ્દ 'રાજ્યનો'	સાતમો શબ્દ 'હારી'
ચોથો શબ્દ 'થતાં'	

આમ સાત શબ્દનું એક વાક્ય ઉપર પ્રમાણે કહી સંભળાવ્યું કે તુરતજ પ્રમુખ સાહેબે સાતમો પ્રશ્ન પુછયો.

અવધાન ૭ મું.

સર ચંદાવરકર નાઇટે કહ્યું કેઃ—'રાજભક્તિ' ઉપર સંસ્કૃત ભાષામાં તદ્દન નવો શિખરિણી બનાવી લખાવો. આ પ્રશ્નની સાથેજ મહારાજ સાહેબે પૂર્વાર્દ્ધ નીચે પ્રમાણે લખાવ્યોઃ—

शिखरिणी वृत्तम् ।

तथा देहस्वास्थ्ये भवति मनसः स्वास्थ्यमनघं ।

प्रजास्वास्थ्ये यद्वन्नरपतिमनः प्रेमवशगं ॥

અર્થઃ—જેમ શરીર સ્વસ્થ હોય તો મન સ્વસ્થ ને નિર્મળ રહી શકે છે તેમ રાજાનું મન પ્રજા ઉપર પ્રસન્ન હોય તો પ્રજાનું સ્વાસ્થ્ય જાળવી શકાય છે.

આટલું કામ થયા પછી તુરત મહારાજ સાહેબે અધૂરી રહેલી વાર્તા તેજ સ્થળેથી પાછી કહેવી શરૂ કરીઃ

કથા.

રામો ને રત્નો આ બે કોળીને મહાત્માના સમાગમથી કાંઇક બોધ મળ્યો, ને તે સંત પુરૂષના ઉપદેશથી તેઓ ઘરબાર છોડી ગળામાં કંઠી ધારણ કરી સાધુ જેવા વેશમાં જાત્રા કરવા નીકળી પડયા. તેઓ દ્વારકા, કાશી, પ્રયાગ, રામેશ્વર, બદ્રીનાથ, પ્રભાસ વગેરે તીર્થસ્થાને જઇ યાત્રા કરી. ગંગા, ત્રિવેણી, ગોદાવરી, યમુના વગેરે નદીઓમાં નાહી પવિત્ર થયા માની પોતાના વતન તરફ આવવા નીકળ્યા. આવતાં આવતાં પોતાના વતન લગભગ પહોંચ્યા. ત્યાંથી થોડે દૂર એક તળાવડી દીઠી. શ્રમિત થએલા હોવાથી વિસામો લેવા તે તળાવડી સમીપ બેઠા. આ તળાવડીમાં પાણી થોડું હતું, ને તેમાં મચ્છ ઘણા હતા તેના ઉપર રામાની દૃષ્ટિ પડી. તે બોલ્યો કે રત્ના ! જો તો ખરો, આ તળાવડીમાં માછલાં કેટલાં બધાં છે? આ સાંભળી રત્નાએ કહ્યું કે મૂર્ખ ! આ બધું પાપ કરવાનું કામ આપણે છોડી તીર્થ-યાત્રા કરી પવિત્ર થઇ આવ્યા, ને હવે તું આવા વિચાર શામાટે કરે છે? જોયું કે રામાનો પૂર્વોક્ત સ્વભાવ સ્ફુરી આવ્યો ? આ બે કોળીઓને જ્ઞાનનો બોધ આપવામાં આવ્યો છે પણ તેનું મન પવિત્ર થયું નથી.

આટલી વાર્તા અધૂરી રાખી મહારાજશ્રીએ 'ગુરૂભક્તિ' ઉપરનો ઉત્તરાર્દ્ધ લખાવવો શરૂ કર્યો:

कष्टं विदारयति वै गुरुभक्तिरुच्चैः

स्वर्मोक्षसौख्यजनिका गुरुभक्तिरुच्चैः ॥

અર્થઃ—કષ્ટ એટલે આત્મિક દુઃખ ગુરૂભક્તિથી નાશ પામે છે. એ જ ગુરૂભક્તિ સ્વર્ગ ને મોક્ષનું અનંત સુખ આપનારી માતા છે.

અવધાન ૮ મું.

આ શ્લોક પુરો થયો કે તુરતજ શ્લોકનું ૨ જું ચરણ મી.

વ્રજલાલ ખીમચંદ શાહ બી. એ. એલ. એલ. બી. એ આડાઅવળા અક્ષરો કરી મહારાજશ્રીને નીચે પ્રમાણે કહી સંભળાવ્યું:

ત્રીજો અક્ષર	मे	ચોથો અક્ષર	वा
પાંચમો ,,	घ	છઠ્ઠો ,,	लं
આઠમો ,,	ते	બીજો ,,	व
પહેલો ,,	दै	સાતમો ,,	ब

અવધાન ૯ મું.

ત્યારબાદ મી. ટી. એમ. કાજીજી બેરીસ્ટરે પૂછ્યું કે ઇ. સ. ૧૮૫૨ ના જુનની બીજી તારીખે કયો વાર હતો? કે તુરતજ દશમો પ્રશ્ન પૂછાયો.

અવધાન ૧૦ મું.

ઓન. મી. મનમોહનદાસ રામજીએ પાસાની ચમત્કૃતિ વિષે પ્રશ્ન પૂછ્યો. તેમણે મહારાજશ્રી ન જોઇ શકે તેમ બે પાસા જમીન પર નાંખ્યા હતા, તેમાં કયા પાસામાં કેટલા દાણા નીચે છે તે જાણવા માંગ્યું હતું. ખરેખર, આ પ્રશ્નના જવાબમાં કયું મેસમેરીઝમ ચાલતું હશે? બેશક આત્માના પ્રકાશની કેળવણી સિવાય આવા પ્રશ્નના ઉત્તર આપી શકાય નહિ.

પ્રશ્ન સાંભળતાંજ ગણિત નીચે પ્રમાણે કરાવ્યું. પહેલા પાસાના નંબરમાં ૨ ભેળવી બમણા કરી એક ઉમેરો, જે આવે તેને પાંચે ગુણી તેમાં બીજા પાસાનો નંબર ભેળવો. ભેળવતાં ૫૯ સંખ્યા આવી તે મહારાજ સાહેબને કહી સંભળાવી.

અવધાન ૧૧ મું.

મી. જયસુખલાલ કે. મહેતા તરફથી એક અશુદ્ધ શ્લોક શુદ્ધ કરવા માટે સંભળાવવામાં આવ્યો હતો તે આ પ્રમાણેઃ—

राजा भाजनं भोगस्य । कार्यभाजनं न राजा ॥
मन्त्री परिध्वंसात् राज । कार्ये लिप्यते दोषेण ॥ १ ॥

અવધાન ૧૨ મું.

મી. ગુલાબચંદ દેવચંદ ઝવેરીએ 'ક્ષમા' ઉપર ૧૫ લીટીનો ગુજરાતી ભાષામાં નિબંધ લખાવવા મહારાજ સાહેબને અરજ કરી હતી કે તુરતજ મહારાજશ્રીએ તે લખાવવો શરૂ કર્યો હતોઃ

ક્ષમા વિષે નિબંધ.

માણસનો મોટામાં મોટો દુશ્મન ક્રોધ છે તેના માટે એક સંસ્કૃત કવિ કહે છે કેઃ—

क्रोधो हि शत्रुः प्रथमो नराणां, देहस्थितो देहविनाशनाय ।
यथा स्थितः काष्टगतो हि वह्निः, स एव वह्निर्दहते शरीरम् ॥

અર્થાત્-ક્રોધ શરીરમાં રહીને શરીરનો નાશ કરે છે એટલુંજ નહિ પણ માનસિક તથા આત્મિક ગુણોને બાળી ભસ્મ કરી નાંખે છે. ક્રોધના આવેશમાં માણસને કૃત્યાકૃત્યનું ભાન રહેતું નથી, ક્રોધી માણસ કોઇને પ્રિય લાગતો નથી, સગાં ને સંબંધીઓને પણ તે ક્રોધી માણસ ગમતો નથી તેથી ક્રોધ હમેશને માટે દૂર કરવાની જરૂર છે.

આ પ્રમાણે થોડો નિબંધ લખાવી મહારાજશ્રીએ અનુસંધાન કોઇને પૂછ્યા સિવાય સ્મરણશક્તિને યોગે આગળ મૂકેલા પોઇંટથી પાછી રામા ને રત્નાની વાર્તા શરૂ કરી.

વાર્તા.

તેઓશ્રીએ જણાવ્યું કે આ પ્રમાણે રામો ને રત્નો યાત્રા કરી પોતાની માનેલી પવિત્ર નદીઓમાં નાહી પોતાના નિવાસ સ્થળે આવી પહોંચ્યા, છતાં પોતાની મૂળ પ્રકૃતિ હજુ ગઇ નથી, ને તેમના

મનના વિકારો હજુ શાન્ત થયા નથી, જેથી તેમને વિચાર આવ્યો કે હવે આપણાથી માછલાં મારવાનું કામ થશે નહિ. માટે છોકરાઓને કાંઇક ચેતવવા, એટલે તેમને આ માછલાં મારવાનું કામ કરવાનો કાંઇ વાંધો નથી એમ ધારી તળાવડી પાસેથી જ્યારે નીકળ્યા ત્યારે ઠેઠ ત્યાંથી એક લાકડીનો લીટો કરતા કરતા ઘર સુધી ચાલ્યા આવ્યા. આવી નિશાની કરવાનો હેતુ એ હતો કે છોકરાઓ પોતાના કહેવાની મતલબ સમજે, ને પોતાના કાર્યની દિશા પાર પાડી શકે. હવે આ બન્ને જણા ગામના ચોરે ઉતર્યા ને ત્યાં બધા માણસો તેમને મળવા આવ્યા તે વખતે તેમના દીકરાઓ પણ ત્યાંજ ભેગા થયા. સૌએ મળી કહ્યું કે તમે કયાં કયાં જાત્રા કરી તેમજ કઇ કઇ નદીઓમાં નાહી પવિત્ર થયા તે બધું અમને સમજાવો. આ બન્ને કોળીએ કહ્યું કે અમે જ્યાં જ્યાં જાત્રા વગેરે કરી છે તેનું એક ભજન બોલીશું તે ઉપરથી તમો સમજી લેજો. એમ કહી નીચે પ્રમાણે ભજન ગાવા માંડયું:

ભજન.

બાપ—દ્વારકામાં જઇને દર્શન કીધાં રે, નાથ મારાને નિહાળ્યા;
પાપ બધું ત્યાં પડતું મૂકીઉં ને, પુણ્યના મારગ ઝાલ્યા રે.
લીટે લીટે ચાલો રે (૨) ખાડામાં છે ખદબદીઆં.
ગંગા ને ગોમતી સરસ્વતી રેવા રે, તીરથ નાહ્યાં તરવેણી;
પાપતણી ત્યાં કરી પ્રતિજ્ઞા ને, વદીએ નહીં મુખે વાણી રે.
લીટે લીટે ચાલો રે (૨) ખાડામાં છે ખદબદીઆં.
દીકરો—સમસ્યા કરી તે સઘળું સમજ્યા છીએ બાપા, અંતરમાં વાત અમે આણી;
ફોકટની હવે ફિકર ન રાખો, જરૂર એ વાત અમે જાણી રે.
લીટે લીટે જાશુંરે (૨) લેશું ત્યાંથી ખદબદીઆં.

આ સાંભળી એક વણિકની ઉક્તિ નીચે પ્રમાણે થઈ:

વાણીઓ–નાને દીવે તો દીવાળી કહીએ, મોટે દીવે થાય હોળી;
રામો રત્નો ભગત થયા પણ, અંતે કોળીના કોળી રે.
લીંટે લીંટે મ જાશોરે (૨) ન લેશો ત્યાંથી ખદબદીઆં.

મહારાજશ્રીનું આ ભાવસૂચક કથન સાંભળી શ્રોતાના મનને ઘણો આનંદ થયો. આ કથાનું માહાત્મ્ય જરા સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારતાં ઘણુંજ ગ્રહણીય છે. દરેક માણસ પોતાના આત્માને લાગુ પાડી શકે તેમ છે. કેદારનાથનું કંકણ પહેરેલા બિલાડાનું દૃષ્ટાંત ઘણાને વિદિત હશે, તેવા ભક્ત થવું તેમાં આત્માનું શ્રેય નથી. રામા ને રત્નાનું દૃષ્ટાંત આવા ભક્તને મળતુંજ છે.

અવધાન ૧૩ મું.

તેરમા પ્રશ્ન તરીકે મી. મોતીચંદ ગિરધર કાપડીઆએ એક સાત શબ્દનું સંસ્કૃત વાક્ય આડા અવળા શબ્દોમાં નીચે પ્રમાણે સંભળાવ્યું:

ત્રીજો શબ્દ	**उपलभ्य**	છઠ્ઠો શબ્દ	**प्रमादं**
સાતમો ,,	**करोति**	પહેલો ,,	**धर्मस्य**
પાંચમો ,,	**जनः**	ચોથો ,,	**को**
બીજો ,,	**सारं**		

આ આડા અવળા શબ્દો ઉપરથી આખું વાક્ય બનાવવાની માંગણી થઇ કે તુરતજ ચૌદમો પ્રશ્ન પૂછવામાં આવ્યો.

અવધાન ૧૪ મું.

મી. કેશવજી મકનજી દોશીએ સોળ કોઠાનો બેકી યંત્ર એવી રીતે ગોઠવવા માંગ્યો કે બધી તરફથી ગણતાં સરવાળો ૩૮૪૮ થાય.

આ માંગણી થતાંજ મહારાજ સાહેબે તુરત અર્ધો કોઠો નીચે પ્રમાણે ભરાવ્યો:

૧૯૧૬	૧૯૨૩
૬	૩
૧૯૨૨	૧૯૧૭
૪	૫

ઉપર પ્રમાણે ગણિતનું ચમત્કૃતિવાળું જ્ઞાન જોઇ સૌને આશ્ચર્ય થયું.

અવધાન ૧૫ મું.

પ્રમુખ સાહેબ સાથે સંસ્કૃત ભાષામાં વાતચીત.

સર ચંદાવરકર—महाशयाः ! युष्माभिः सह वार्तालापेऽहं को मोक्ष इति ज्ञातुमिच्छामि ।

અર્થ:—મહારાજ ! આપની સાથેની વાતચીતના પ્રસંગમાં 'મોક્ષ' એટલે શું તે જાણવાને હું ઇચ્છું છું.

મહારાજશ્રી—समीचीनं यदि श्रीमतां तद्विषयकज्ञानाभिलाषास्ति तदा तद्विषयमेव ब्रवीमि । सर्वेषां धर्माणामंतिमसाध्यो मोक्ष एवास्ति । सर्वेषु शास्त्रेषु केनापि प्रकारेण तन्निरूपणं कृतमस्ति । दुःखात्यन्ताभावो मोक्ष इति नैयायिकाः प्रतिपादयन्ति । परमब्रह्मस्वरूपाऽपरोक्षानुभवो मोक्ष इति वेदान्तिनां मतं । ज्ञानावरणाद्यष्टकर्मप्रकृतीनां सर्वथा विच्छेदो मोक्ष इति जैनसिद्धांतः । बौद्ध शास्त्रे मोक्षस्य स्वरूपस्य यथावत् निर्णयो नास्ति । यद्यपि निर्वाणरूपं मोक्षं ते प्रतिपादयन्ति तथापि निर्वाणानन्तरमात्मनः कीदृशं स्वरूपमवातिष्ठति इति प्रश्नस्य निर्णयं ते न कुर्वन्ति ॥

અર્થ—બહુ સારૂં. જો આપને મોક્ષ સંબંધી જ્ઞાનની અભિલાષા છે તો તે વિષય પરત્વેજ હું બોલું છું. બધા ધર્મોનું અંતિમ

સાધ્ય મોક્ષજ છે એટલા માટે બધાં ધર્મશાસ્ત્રોમાં કોઇ ને કોઇ રીતે મોક્ષનું નિરૂપણ કરવામાં આવ્યું છે. દુઃખનો અત્યંત અભાવ એજ મોક્ષ એમ નૈયાયિકો કહે છે. પરબ્રહ્મના સ્વરૂપનો સાક્ષાત્ અનુભવ એજ મોક્ષ એમ વેદાન્તિઓનો મત છે. જૈન સિદ્ધાંત એમ કહે છે કે જ્ઞાનાવરણાદિક આઠ કર્મની પ્રકૃતિઓનો સર્વદા વિચ્છેદ થવો તેજ મોક્ષ. બૌદ્ધ શાસ્ત્રમાં મોક્ષના સ્વરૂપનો જોઇએ તેવો નિર્ણય કરવામાં આવ્યો નથી; જો કે નિર્વાણરૂપે મોક્ષનું પ્રતિપાદન તેઓ કરે છે તો-પણ નિર્વાણ પછી આત્માનું કેવું સ્વરૂપ રહે છે તે પ્રશ્નનો ખુલાસો તેઓએ કર્યો નથી.

ઉપર પ્રમાણે વાતચીત અરધી જ્યાં થઇ રહી કે તુરતજ નવો પ્રશ્ન પૂછાયો.

અવધાન ૧૬ મું.

મી. શાંતિદાસ આશકરણે પોતાની બે મુઠીમાં અમુક અમુક પૈસા રાખી મહારાજશ્રીને પૂછ્યું કે આ મારી બન્ને મુઠીમાં કેટલા પૈસા છે તે જણાવવા મહેરબાની કરવી. આ સવાલ સાંભળતાંની સાથેજ મહારાજશ્રીએ તેનું ગણિત નીચે પ્રમાણે કરાવ્યું. જમણી મુઠીના પૈસાને બમણા કરો, ને ડાબી મુઠીના પૈસાને ત્રણગણા કરો પછી તેનો સરવાળો કરો. આ પ્રમાણે સરવાળાનો આવેલો આંકડો ૧૯ મહારાજશ્રીને કહી સંભળાવ્યો.

ઉપર પ્રમાણે ગણિતનો અંક સાંભળી તુરત મહારાજશ્રીએ પ્રમુખ સાહેબનો પ્રથમ પ્રશ્ન પૂર્ણ કરવા શિખરિણી છંદનો ઉત્તરાર્દ્ધ નીચે પ્રમાણે લખાવ્યો:

अर्थीनं तद्भक्तेः सुहृदयजुषस्तस्य नृपते–
र्दयार्द्रं यच्चित्तं गणयति जनान्यश्च सुतवत् ॥

અર્થ—જે રાજાનું ચિત્ત દયાથી આર્દ્ર છે, અને જે પોતાની પ્રજાને પુત્રવત્ ગણે છે તેવા ભલા હૃદયવાળા રાજાના મનની પ્રસન્નતાનો આધાર વફાદાર પ્રજાની ભક્તિ ઉપર રહેલો છે.

'રાજભક્તિ' ઉપર પોતાના પ્રશ્નનો ઉત્તર આવી સરસ શૈલીમાં અપાએલો જોઇ પ્રમુખ સાહેબની મુખાકૃતિ કાંઇક જુદોજ આનંદ બતાવતી હોય તેમ જણાયું. સંસ્કૃત જ્ઞાનના વિલાસીઓને એક અતુલ કાવ્યાનંદ થયો. રાજભક્તિનું આ ઉદાહરણ રાજા પ્રજા ઉભયને બોધયુક્ત ને શાંતિ વધારનારૂં છે.

અવધાન ૧૭ મું.

આ પ્રશ્નમાં સંસ્કૃત ભાષામાં કોઇ કથા કહેવાનું નિર્ણિત થતાં મહારાજ સાહેબે કથા કહેવી શરૂ કરી:—

સંસ્કૃતમાં કહેલી કથા.

आसीत् कश्चन पादशाहः प्लीहारोगग्रस्तः । रोगनिवृत्तये तेनानेके वैद्याः समाहूताः । वैद्यैश्च चिकित्सां कृत्वा भैषज्यं दत्तं । विविधौषधानि राज्ञा गृहीतानि बहव उपायाः कृतास्तथापि रोगानिवृत्तिर्नाभूत् । अन्ते कश्चन महावैद्यस्तत्र समागतः । तेन च यथावच्चिकित्सां कृत्वा कथितं यदयं रोगो महानस्ति तेन रोगेण प्लीहाख्योवयवः परिध्वस्तोऽस्ति । तदवयवं निष्काश्य तत्स्थाने तत्सदृशो यदि अन्योवयवः स्थाप्येत तदैव शान्तिर्भविष्यति ॥

અર્થઃ—કોઇ એક બાદશાહ પ્લીહાના (પેટની અંદરના એક અવયવના) રોગથી પીડાતો હતો. તે બાદશાહે રોગની નિવૃત્તિ માટે ઘણા વૈદ્યો બોલાવ્યા, અને વૈદ્યોએ પણ ચિકિત્સા કરી દવાઓ આપી.

તેવી અનેક જાતની દવાઓ રાજાએ લીધી ને ઘણા ઉપચારો કર્યા પણ રોગની નિવૃત્તિ થઇ નહિ. છેવટે એક મોટો વૈદ્ય ત્યાં આવી મળ્યો, તેણે બરાબર ચિકિત્સા કરીને બાદશાહને કહ્યું કે જ્યાંસુધી પેટની અંદરનો પ્લીહા નામનો અવયવ જે રોગથી સડી ગયો છે તેને દૂર કરી તેને સ્થાને તમારા જેવી પ્રકૃતિવાળા માણસનો તે અવયવ તેજ જગ્યાએ ગોઠવવામાં ન આવે ત્યાંસુધી રોગની શાંતિ થશે નહિ; તેવો અવયવ મૂકવાથીજ શાંતિ થશે.

અવધાન ૧૮ મું.

આટલી કથા સંસ્કૃતમાં કહ્યા પછી તુરત મી. મોતીચંદ ગિરધર કાપડીઆએ શ્લોકનું ત્રીજું ચરણ જે આઠ અક્ષરવાળું હતું તે અવળા સવળા અક્ષરો ગોઠવી નીચે પ્રમાણે કહી સંભળાવ્યુંઃ

ત્રીજો અક્ષર	**दः**	ચોથો અક્ષર	**सिं**
પાંચમો ,,	**ह**	પહેલો ,,	**प्रा**
સાતમો ,,	**त्त**	આઠમો ,,	**स्य**
છઠ્ઠો ,,	**व**	બીજો ,,	**सा**

ત્યારપછી તુરતજ ઓગણીસમું અવધાન શરૂ થયું.

અવધાન ૧૯ મું.

મી. દેવીદાસ ઘેવરીઆએ એક સંખ્યાગાં ગુપ્ત આંકડો રાખી તે શોધી કાઢવાનો પ્રશ્ન કર્યો. તેમણે પ્રથમ પોતાની નોટબુકમાં કોઇ જોઇ ન શકે તેવી રીતે '૫૯૩૫૭૩૫' આ સંખ્યા લખી, પછી મહારાજશ્રીએ તે સંબંધે નીચે પ્રમાણે ગણિત કરાવ્યું. તમારી લખેલી સંખ્યાનો ઉભો સરવાળો કરો, ને મૂળ સંખ્યામાંથી બાદ કરો. બાકી રહેલી સંખ્યામાંથી એક આંકડો ગમે તે ગુપ્ત રાખો ને બાકીની સંખ્યા સંભળાવો. આ ઉપરથી મી. ઘેવરીઆએ '૫૯૩ ૬૯૮'

આ આંકડો કહી સંભળાવ્યો, તે ધ્યાનમાં રાખી અવધાનનું કામ આગળ શરૂ કરાવ્યું.

અવધાન ૨૦ મું.

જ્ઞાન અને ભક્તિ વિષે નિબંધ.

આ અવધાનમાં પ્રમુખ સાહેબ તરફથી મહારાજશ્રીને કહેવામાં આવ્યું કે, સંસ્કૃતમાં એક એવો નિબંધ આપો કે જેમાં જ્ઞાન ને પ્રેમ અથવા ભક્તિનો શો સંબંધ છે, તેનો ખુલાસો તેમાં સમાએલો હોય. પ્રશ્ન પૂછ્યો કે તુરતજ મહારાજશ્રીએ નિબંધ લખાવવો શરૂ કર્યો:

ज्ञानभक्त्योः कः संबंधः ? अत्र द्वौ शब्दौ स्तः ज्ञान शब्दो भक्ति शब्दश्च। सामान्यतो ज्ञायतेऽनेनेति ज्ञायत इति वा ज्ञानमिति ज्ञानशब्दार्थः प्रतीतः यथा शक्त्या वस्तूनां परिच्छेदो भवति सा शक्तिर्ज्ञानशब्दे प्रतिपाद्या भवति। परश्चात्र न लौकिकं किन्तु लोकोत्तरं यद्विशिष्टं ज्ञानमात्मज्योतिरूपं तत्रैव तात्पर्यमस्ति। किं तज्ज्ञानं नवीनमुत्पाद्यमस्ति ? नो. तज्ज्ञानमात्मन्यवतिष्ठत एव। यत्तदनुभवो न भवति तत्तु मनसो जाड्याच्चांचल्याच्च। यदि तादृशज्ञानाविर्भावोऽपेक्ष्यते तदान्तःकरणस्य जाड्यं चांचल्यञ्च दूरीकरणीयं॥

અર્થ—જ્ઞાન ને ભક્તિનો શું સંબંધ છે? એ પ્રશ્નવાક્યમાં જ્ઞાન ને ભક્તિ એવા બે શબ્દો છે. જ્ઞાન શબ્દનો સામાન્ય શબ્દાર્થ એવો થાય છે કે જેનાથી જણાય અથવા જાણવું તે જ્ઞાન; અર્થાત્ જે શક્તિવડે બાહ્ય ને આંતર્ વસ્તુનો પરિચ્છેદ થાય તે શક્તિ જ્ઞાન શબ્દનો અર્થ છે. પરંતુ અહીં જ્ઞાન શબ્દનો સામાન્ય અર્થ લેવામાં આવ્યો નથી, કિન્તુ આત્મજ્યોતિરૂપ જે વિશિષ્ટ જ્ઞાન તેજ તેમાંનું

તાત્પર્ય છે. શું તે જ્ઞાન નવીન ઉત્પન્ન કરવાનું છે ? નહિજ. તે જ્ઞાન તો આત્મામાં રહેલુંજ છે પરંતુ તેનો અનુભવ થતો નથી, તેનું કારણ અંતઃકરણની જડતા તથા ચંચળતા છે. જો તે આત્મ-જ્યોતિનો આવિર્ભાવ કરવાની અપેક્ષા હોય તો અંતઃકરણની જડતા ને ચંચળતાને દૂર કરવીજ જોઇએ.

ઉપર પ્રમાણે નિબંધ અધૂરો રાખ્યો કે તુરતજ ૨૧ મા અવધાનનું કામ શરૂ થયું.

અવધાન ૨૧ મું.

મી. ઘડીયાળી તરફથી એવી માંગણી થઇ કે ન્યાય કે નીતિ ઉપર હરિગીત છંદમાં એક કાવ્ય લખાવવા મહેરબાની કરવી. આ સાંભળતાંજ મહારાજ સાહેબે હરિગીત છંદનો પૂર્વાર્દ્ધ લખાવવો શરૂ કર્યો.

નીતિ ઉપર હરિગીત છંદ.

નીતિ હતી જ્યારે અહીં ત્યારે ઉદય પણ આ સ્થળે,
નીતિ ગઈ પરદેશમાં ઉદય ગયો તેહિ જ પળે.

આ સાંભળતાંજ સૌને ઘણોજ આનંદ થયો. પ્રશ્ન પૂછવાની સાથેજ કાવ્યસંકલના તૈયારજ હોય એ કાંઇ ઓછું નવાઇ જેવું નથી. શીઘ્ર કવિઓની આ શક્તિજ પ્રતિષ્ઠાને પાત્ર છે.

હવે એક આશ્ચર્યજનક પ્રયોગ શરૂ થયો તે વીંટી સંબંધે હતો.

અવધાન ૨૨ મું.

પાંચ જણની મંડળીમાં એક વીંટી એક જણે એવી રીતે પહેરી કે મહારાજશ્રી તે જોઇ શકે નહિ. પોતાના ડાબા હાથની પહેલી આંગળીના ત્રીજે વેઢે તે પહેરેલી હતી. આ પ્રશ્ન સંબંધે એમ પૂછવામાં આવ્યું કે આ પાંચ જણ માંહેના કયા માણસે કયા હાથની કઈ આંગળીમાં કયે વેઢે પહેરી છે ? આ પાંચ માણસની મંડળીમાં

પહેલા શાંતિદાસ, બીજા કેદારમલ, ત્રીજા વાડીલાલ, ચોથા છોટાલાલ અને પાંચમા મી. ઘડીયાળી હતા.

પછી મહારાજ સાહેબે આ પ્રશ્નના સંબંધમાં નીચે પ્રમાણે ગણિત કરાવ્યું. જે નંબરના માણસે વીંટી પહેરી હોય તે નંબરને બમણા કરી પાંચ ભેળવો ને જે આવે તેને પાંચગણા કરી ૧૦ ભેળવો, તેમાં હાથનો નંબર ભેળવો તે એવી રીતે કે જમણો હાથ હોય તો ૧ ને ડાબો હાથ હોય તો ૨ ભેળવવા. આવેલાને દશગણા કરી તેમાં આંગળીનો નંબર ભેળવો; ત્યારબાદ તેને ૧૦ ગણા કરી વેઢાનો નંબર ભેળવો. આવી રીતે ગણિત કરતાં ૪૭૧૩ નો આંકડો આવ્યો તે મહારાજશ્રીને સંભળાવ્યો.

અવધાન ૨૩ મું.

મી. વલભજીએ એવી માંગણી કરી કે ચંદ્રની શીતળતા ઉપર એક સવૈયો બનાવી લખાવવા મહેરબાની કરવી. મહારાજશ્રીએ ચંદ્રની શીતળતા ઉપર એક સવૈયો લખાવવો શરૂ કર્યો:

(સવૈયો)

ચંદન! ગર્વ નહીં કર તું જરી છે મુજ શીતળતા ત્યમ માની,
આનઁદદાયક શીતળતા ખરી ચંદ્રની ચંદ્રિકા માંહિ સમાણી.

આ પ્રમાણે ગુજરાતી કાવ્યમાં ચંદ્રની ચંદ્રિકાને ચંદન સાથે સરખાવી ચંદ્રની અધિકતા બતાવી. જે સવૈયાનો પૂર્વાર્દ્ધ આપણે સાંભળ્યો તે ઉપરથી આ મુનિશ્રી ગુજરાતી જ્ઞાન કેટલું ઉત્તમ ધરાવે છે તે સ્પષ્ટ સમજી શકાય છે.

આટલું કામ થયા પછી તુરતજ પ્રમુખ સાહેબ સાથે અધરી મુકેલી વાતચીત શરૂ કરી.

સર ચંદાવરકર- **किं ! भिन्नभिन्नधर्मेषु मोक्षस्वरूपं भिन्न भिन्नमस्ति ?**

અર્થઃ—શું જુદા જુદા ધર્મમાં મોક્ષનું સ્વરૂપ જુદું જુદું છે?

મહારાજશ્રી—नो, यद्यपि शब्दतो भेदो दृश्यते तथापि अर्थतो भेदो नास्ति। मायायाः कर्मणां वा विलये दुःखस्यात्यन्ताभावो भवति तस्मिंश्च सति आत्मनः स्वस्वरूपे अवस्थानं भवति स एव मोक्षः स च सर्वशास्त्राणां संमतः॥

અર્થઃ—ના, શબ્દનો ભેદ દેખાય છે પણ અર્થનો ભેદ નથી. માયા ને કર્મનો સર્વથા નાશ થતાં દુઃખનો અત્યન્ત અભાવ ઉત્પન્ન થાય છે; તેમ થતાં આત્મા પોતેજ પોતાના સ્વરૂપમાં સ્થિત થાય છે તેજ મોક્ષ કહેવાય છે, અને તેમાં સર્વે શાસ્ત્રો સંમત છે.

સર ચંદાવરકર—अस्मिन् संसारेऽपि मोक्षो भवितुमर्हति न वा?

અર્થઃ—આ સંસારમાં પણ મોક્ષ હોઇ શકે કે કેમ?

મહારાજશ્રી—संसारेऽपि कस्यचिन्मोक्षो भवितुमर्हति। मोक्षस्य द्वै विध्यात् ये महात्मानः संसारे तिष्ठन्तोऽपि रागद्वेषमोहमुक्ताः सन्ति ते जीवन्मुक्ताः भवितुमर्हन्ति रागद्वेषमोक्ष एव जीवन्मोक्षः सर्वथा देहकर्मादिमोक्षः परममोक्षः स च संसारिणां भवितुं नार्हति। जैनमते तीर्थंकरा यदा वीतरागदशामनुभवन्ति तदा तेषां जीवन्मुक्तिरस्ति यदा चायुषि क्षीणे देहसंबंधमुक्ता भवन्ति तदा तेषां परं मुक्तिर्भवति। अस्मिन्विषये बहु वक्तव्यमस्ति तथापि समयसंकोचादन्यकार्यस्य करणीयत्वादलमत्र वार्त्ताप्रसंगेन॥

અર્થઃ—સંસારમાં પણ કોઇક જીવને મોક્ષ હોઇ શકે, તેના બે પ્રકાર છે. એક જે મહાત્માઓ સંસારમાં રહ્યા છતાં પણ રાગ દ્વેષ ને

મોહ થકી મુક્ત હોય છે તે જીવનમુક્ત ગણાય છે, કેમકે રાગ દ્વેષનો છુટકારો તે જ જીવન મોક્ષ દશા છે ને તે મોક્ષનો એક પ્રકાર છે. સર્વથા શરીર ને કર્માદિકનો છુટકારો તે પરં મોક્ષ એટલે મોક્ષનો બીજો પ્રકાર છે. આ પ્રકાર સંસારી જીવોમાં હોવાનો સંભવ નથી. જૈન મતમાં તીર્થંકરો જ્યારે વીતરાગ દશાનો અનુભવ કરે છે ત્યારે તેઓની જીવનમુક્ત દશા હોય છે, અને જ્યારે આયુષ્ય ક્ષીણ થતાં દેહાદિક સર્વ સંબંધનો છુટકારો થાય છે ત્યારે તેઓ પરં મુક્તિને પામે છે. આ વિષય પરત્વે કહેવાનું ઘણું છે, પણ સમયસંકોચને લીધે અને બીજાં કાર્યો કરવાનાં હોવાથી આટલો વાર્તાપ્રસંગ અહિં પૂરો કરીશ.

અવધાન ૨૪ મું.

મી. લક્ષ્મીચંદ માણેકચંદ દોશીએ હિંદી ભાષાનું એક વાક્ય જુદા જુદા શબ્દોમાં ગોઠવી એવી રીતે સંભળાવ્યું કે જેનો—

ત્રીજો	શબ્દ	દુનિયામેં	છઠ્ઠો	શબ્દ	આત્માવત્
પાંચમો	,,	પ્રાણી	પહેલો	,,	ઉદારચિત્ત
સાતમો	,,	હૈં	ચોથો	,,	સર્વ
બીજો	,,	મહાપુરૂષોંકો			

આ પ્રમાણે સાત શબ્દોનું એક વાક્ય કહી સંભળાવ્યું, તેના ઉપરથી ક્રમસર શબ્દો ગોઠવી ખરૂં વાક્ય બનાવવાનું મહારાજશ્રીને કહેવામાં આવ્યું, કે તુરતજ મહારાજશ્રીએ ૪ થા અવધાનનો જે યંત્ર પ્રથમ અધૂરો લખાવ્યો હતો તે હવે પૂર્ણ કરવા મી. રતીલાલ લખમીચંદે વિનતિ કરી.

૨	૭
૮૨	૮૦
૮	૧
૭૯	૮૩

આ આઠ અને પૂર્વે કહેલા આઠ મળી એકંદર સોળ કોઠાનો યંત્ર તૈયાર થતાં જ્યારે બધી તરફથી ગણતાં સરવાળો ૧૭૧ થયો, એટલે પ્રેક્ષકોના આનંદનો કાંઇ પાર રહ્યો નહિ. ગણિત જ્ઞાનમાં આ મહાત્મા કેટલા ઉંડા ઉતરેલા છે તે એથી પ્રત્યક્ષ થયું. ખરેખર, જેનું ગણિત-જ્ઞાન સારૂં ને સ્મરણશક્તિ ઉગ્ર તેઓજ આવી અવધાનક્રિયામાં વિજય મેળવી શકે છે. સામાન્ય પુરૂષો કરતાં ગણિતવિજ્ઞાની આપણને કાંઇક નવીનજ છાપ પાડી શકે છે. ગણિતનું ઉત્તમ જ્ઞાન ધરાવનાર ઘણા પુરૂષો થઇ ગયા; પરંતુ મર્હુમ મી. ગોખલેને યાદ કર્યા સિવાય ચાલતું નથી.

અવધાન ૨૫ મું.

અત્યારસુધીનાં કાર્યમાં શ્લોકનાં ત્રણ ચરણો મહારાજશ્રીને છુટક છુટક આડા અવળા અક્ષરોથી સંભળાવવામાં આવ્યાં છે; હવે ચોથું ચરણ મી. વ્રજલાલ ખીમચંદ શાહે નીચે પ્રમાણે કહી સંભળાવ્યુંઃ

ત્રીજો	અક્ષર	**न्ति**	આઠમો	અક્ષર	**साः**
પાંચમો	,,	**न्ति**	પહેલો	,,	**मु**
સાતમો	,,	**य**	ચોથો	,,	**ष्ठ**
બીજો	,,	**र्ध्नि**	છઠ્ઠો	,,	**वा**

આ વખતેજ આખા શ્લોકનાં ચાર ચરણો કર્ણગોચર થયાં જે ઉપરથી આખા શ્લોકનું સ્વરૂપ તૈયાર કરવું કેટલું મુશ્કેલ છે, તે કહે-વાને આપણે સમર્થ નથી.

હવે મહારાજશ્રીને સંસ્કૃતમાં અધૂરી મૂકેલી કથા આગળ ચાલુ કરવાને પૃચ્છક તરફથી વિનતિ થઇ.

સંસ્કૃત કથા પુનઃ ચાલુ.

अस्य वैद्यस्य वचने राज्ञो विश्वासः समजनि, तत्क्षणमेव पातशाहेन समाहूताः स्वकीयपुरुषाः निर्दिष्टाश्च ते भोः संशोध्यतां

कश्चित् तादृशः पुरुषः यस्य प्रकृतिः सर्वथा मत्सदृशी स्यात् यथेष्टम् द्रव्यं दत्वापि तादृशः पुरुषः समानीयतां तत्पुरुषस्य उदरं विभिद्य तत्प्लीहां निष्कास्य मदुदरे तत्संस्थापने सति मदीयरोगनिवृत्तिर्भविष्यति ॥

ગુજરાતીમાં અર્થ.

આ વૈદ્યના વચનમાં રાજાને વિશ્વાસ બેઠો, ને તેજ ક્ષણે પાદશાહે પોતાના અનુયાયીઓને બોલાવી હુકમ કર્યો કે જેની પ્રકૃતિ મારા જેવી હોય તેવા કોઇ માણસનો શોધ કરવો. ગમે તેટલું દ્રવ્ય આપીને તે માણસને વેચાતો લઇ અહીં લાવો, તે પુરૂષના પેટમાંથી પ્લીહા નામનો અવયવ કાઢીને મારા પેટમાં તેને ગોઠવવાથી મારો રોગ નષ્ટ થશે એમ વૈદ્યના કહેવાથી મને ખાત્રી થાય છે.

ओमिति कृत्वा राजपुरुषाः तादृशं पुरुषं संशोधयितुं निर्गताः। एकस्मिन् ग्रामे कस्यचिद् ब्राह्मणस्य त्रयश्चत्वारो वा सुता आसन् कनिष्ठपुत्रश्च पातशाहतुल्यप्रकृतिकः तैः पुरुषैर्विज्ञातः। तत्पितृसकाशं राजपुरुषाः समागताः लघुसुतविक्रयाय तैः याचना कृता। ब्राह्मणस्य दारिद्र्यवशेन द्रव्यलोभः समजनि। तेन स्वभार्यायै सर्वं निवेदितं सापि द्रव्यलुब्धा जगाद स्वपतिम्—ततोऽन्येप्यस्माकं सुताः सन्ति यदि यथेष्टं द्रव्यं मिलिष्यति तदा तेन अस्माकं सर्वं साध्यं सेत्स्यति। एवं वित्तलालसयोभयैक्यमतेन ताभ्यां स्वपुत्रः राजपुरुषेभ्यो दत्तः यथेष्टं द्रव्यं च गृहीतं तैश्च स बालः नृपसकाशे समानीतः॥

ગુજરાતીમાં અર્થ.

બહુ સારૂં, એમ કહીને રાજપુરૂષો તેવા માણસની શોધ કરવા

નીકળ્યા. કોઇ એક ગામમાં એક બ્રાહ્મણ રહે છે તેને ત્રણ ચાર દીકરા છે તેમાં સૌથી નાનો દીકરો પાદશાહની પ્રકૃતિને મળતી પ્રકૃતિવાળો તેઓના જોવામાં આવ્યો. રાજપુરૂષો તે છોકરાના બાપની પાસે ગયા ને નાના દીકરાને વેચવાનું કહ્યું. બ્રાહ્મણ દરિદ્ર હતો જેથી તેને પૈસાનો લોભ થયો. તેણે પોતાની સ્ત્રી પાસે જઇને ઉપરની વાત કહી સંભળાવી. તે પણ પૈસામાં લુબ્ધ થઇને પોતાના પતિને કહેવા લાગી, કે આપણને બીજા દીકરા ઘણા છે; નાના દીકરાને વેચતાં પુષ્કળ દ્રવ્ય મળતું હોય તો તે લઇ લેવું, કેમકે પૈસા હશે તો આપણાં બધાં કાર્ય સિદ્ધ થશે. એવી રીતે પૈસાના લોભમાં બંને એકમત થઇને પોતાનો પુત્ર રાજસેવકોને સોંપ્યો ને મનમાન્યા પૈસા લીધા. રાજસેવકો તે બાળકને રાજાની પાસે લઇ ગયા.

આટલી કથા કહ્યા પછી તે વિષય અધૂરો મૂકી મહારાજશ્રીએ 'ક્ષમા' વિષેનો નિબંધ જ્યાંથી અધૂરો મૂકયો હતો ત્યાંથી પાછો લખાવવો શરૂ કર્યો:

'ક્ષમા' વિષે નિબંધ પુનઃ ચાલુ.

ક્રોધને દૂર કરવાનું સાધન ક્ષમા છે. ક્ષમા એટલે મનને ક્ષોભ પામવા દેવો નહિ તે. મનની અનેક શક્તિઓ છે. મન જો સ્વસ્થ સ્થિતિમાં હોય તો તે શક્તિઓ ખીલે છે, પણ મનની વ્યગ્રતા થાય તો તે શક્તિઓ ખીલવાને બદલે કરમાય છે. જે જે મહાત્માઓએ પોતાની શક્તિઓ ખીલવેલી છે તેમણે ક્ષમાના ગુણનો સમાદર કર્યો છે. મહાવીર સ્વામીએ પોતાને ચાબુકથી મારનાર ઉપર કે ગાળો આપનાર તથા દુઃખ દેનાર ઉપર લેશ માત્ર પણ ક્રોધ ન કરતાં ક્ષમા રાખી હતી. મહાત્મા પુરૂષોનું ભૂષણ ક્ષમા છે. દરેક વ્યક્તિને ક્ષમા રાખવાની ઘણી જરૂર છે.

નિબંધનું કામ થોડું બાકી રાખી મહાત્માશ્રીએ સોળ કોઠાનો

જે બેકી યંત્ર બાકી રહ્યા હતા, તે તેના પૃચ્છકની વિનતિથી પૂરા કરાવ્યો; ને તેમાં આંકડા નીચે પ્રમાણે ભરાવ્યાઃ

૨	૭
૧૯૨૦	૧૯૧૯
૮	૧
૧૯૧૮	૧૯૨૧

ગણિત જ્ઞાનની પરિસીમા દર્શાવતા આ યંત્ર જ્યારે પ્રેક્ષકોએ ગણી તૈયાર કર્યો ત્યારે સૌને કબુલજ કરવું પડયું કે આજનો વ્યતીત કરેલો વખત ખરેખર લાભપ્રદ નીવડયો. મનુષ્યને આવી કસોટીના પ્રસંગો ક્વચિતજ પ્રાપ્ત થાય છે, ને કોઇ ઉગ્ર આત્માજ આવાં કસોટીવાળાં કાર્યો હાથ ધરે છે. જેમને પોતાની આત્મશક્તિમાં સંપૂર્ણ વિશ્વાસ હોય તેઓજ આવાં મહાભારત કામ જાહેર જીવનમાં મૂકી શકે.

ઉપર પ્રમાણે ૧૪ મું અવધાન પૂર્ણ થયું કે તુરતજ બાકી રહેલો સંસ્કૃત નિબંધ લખાવવો શરૂ કર્યો.

જ્ઞાન ને ભક્તિ વિષેનો નિબંધ ચાલુ.

तन्निरासाय भक्तेरावश्यकतास्ति । भजनं भक्तिः सेवा । मनः सर्वदा यत्किञ्चिन्न सेवत एव । कदाचिद्विषयान् कदाचित्कषायान् कदाचिन्नालस्यं सेवते परन्तु तत्सेवया—तद्भक्त्या मनसो बहिर्मुखत्वेन तत्र चांचल्यमधिकं तदा ज्ञानहानिर्भवति । यदि च तदन्तर्मुखी भवत्परमात्मानं गुरुं धर्मञ्च भजेत तदा तस्य स्वास्थ्येन स्थिरीभूतत्वादात्मज्योतिर्वर्द्धते, ज्ञानस्य चाविर्भावो भवति, एतावतायं निश्चयो जातो यदा ज्ञानमुत्पाद्यं भक्तिश्च तस्योत्पादिका तदा ज्ञानं साध्यं भक्तिश्च साधनम् ॥

ગુજરાતીમાં અર્થ.

તે દૂર કરવાને ભક્તિની જરૂર છે. ભજવું અથવા સેવવું તેનું નામ ભક્તિ. મન હમેશાં કાંઇ ને કાંઇ સેવેજ છે. કોઇ વખતે વિષયો તો કોઇ વખતે કષાયો ને કોઇ વખતે આલસ્યને સેવે છે. પરંતુ તે સેવા—ભક્તિથી મન બહિર્મુખ થાય છે, ને તેથી ચંચળતા વધે છે અને જ્ઞાનની જ્યોતિની હાનિ થાય છે. પણ જો તે મન અંતર્મુખ થઇને પરમાત્માને, ગુરૂને ને ધર્મને ભજે તથા દેવ, ગુરૂ કે ધર્મની ભક્તિ કરે; ને તેમાં તલ્લીન થાય તો સ્વસ્થતાથી સ્થિરતા પ્રાપ્ત થતાંજ જડતા ને ચંચળતાનો નાશ થતાં આત્મજ્યોતિ વધે છે, ને જ્ઞાનનો આવિર્ભાવ થાય છે. આ ઉપરથી એમ નિશ્ચય થયો કે જ્ઞાન ઉત્પાદ્ય છે ને ભક્તિ ઉત્પાદિકા છે; જ્ઞાન સાધ્ય છે ને ભક્તિ સાધન છે; એટલે જ્ઞાન ને ભક્તિનો જન્યજનકભાવ અથવા સાધ્યસાધક ભાવ સંબંધ છે.

૨૬ થી ૩૩ સુધીનાં અવધાનો.

આ અવધાનોમાં ૮ ગૃહસ્થોએ આંકડા ધારવાનું કામ કર્યું હતું.

૧ મી. સી. વી. મહેતા. ૪ મી. છોટાલાલ. ૭ મી. ઘેવરીયા દેવીદાસ.
૨ મી. કાજીજી. ૫ મી. વાડીલાલ. ૮ મી. રતીલાલ.
૩ મી. શાંતિદાસ. ૬ મી. ઘડીયાળી.

ઉપરના આઠ ગૃહસ્થોએ પોતાની નોટમાં ધારેલા આંકડા લખી રાખ્યા કે તુરતજ મહારાજશ્રીએ તેનું ગણિત નીચે પ્રમાણે કરાવ્યું.

દરેક જણ પોતાના ધારેલા આંકડાને સાતગણા કરો. પહેલા નંબરવાળાએ ૧૧, બીજા નંબર વાળાએ ૧૮, ત્રીજા નંબરવાળાએ ૨૫, ચોથા નંબરવાળાએ ૩૨, પાંચમા નંબરવાળાએ ૫, છઠ્ઠા નંબરવાળાએ ૫, સાતમા નંબરવાળાએ ૫ ને આઠમા નંબરવાળાએ ૫

મેળવવા. જે આવે તેને ૧૦ થી ગુણી ૧૪ થી ભાગો; ને જે વધે તેને પહેલા ને પાંચમા નંબરવાળાએ ૧૫, બીજા ને છઠ્ઠા નંબરવાળાએ ૨૦, ત્રીજા ને સાતમાએ ૨૫, ચોથા ને આઠમાએ ૩૦ વડે ગુણવા; જે સંખ્યા આવી તે દરેકે પોતાની નોટમાં લખી રાખી.

પછી મહારાજશ્રીએ અધૂરો મૂકેલો ક્ષમા વિષેનો નિબંધ પૂરો કરાવ્યો.

'ક્ષમા' વિષે નિબંધ ચાલુ.

ખ્રિસ્તિ ધર્મમાં એક એવું ફરમાન છે કે કોઇ માણસ એક ગાલે તમાચો મારે તો તેની પાસે બીજો ગાલ ધરવો જોઇએ. આવી ક્ષમા દર્શાવતાં મારનાર માણસમાં કાંઈ પણ માણસાઇનો ગુણ હોય તેને શું ખેદ નહિ થાય? ને બીજા ગાલ ઉપર તમાચો મારતાં શું નહીં અટકે? અટકવોજ જોઇએ, ને તેમની લડાઇનો અંત પણ ત્યાંથી આવવો જોઇએ. કહ્યું છે કે:-

દીધે ગાળી એક હૈ, પલટે ગાળી અનેક;
જો ગાળી દેવે નહીં, તો રહે એકની એક.

सुज्ञेषु किं बहुना ?

બાકી રહેલી કથા સંસ્કૃતમાં પાછી શરૂ કરી.

સંસ્કૃત કથા પુનઃ ચાલુ.

बालो लघुवयस्कोऽपि नाभूद्विज्ञानरहितः। किमर्थमहमत्रानीतोऽस्मीति शीघ्रमेव स विज्ञातवान्। यदा पातशाहेन काजी-(स्वगुरु) अनुज्ञातेन कथितं भो बाल सांप्रतं त्वं किमिच्छसि भोक्तुं? याचस्व यथेष्टं भोजनं। बालेन चिन्तितं सति मरणे किं भोजनेन? तेन न किंचिद्याचितमपि तु स नभो विलोकयामास। तद् विलोक्य सोऽत्यन्त जहास। पातशाहेन पृष्टं भो मरणसन्निधौ

कथं हससि ? किमस्ति हासकारणं ? तदा बालो वोचद् भोः स्वामिन् शृणु–

અર્થઃ—છોકરાની ઉમર નાની હતી તોપણ તે અણસમજુ નહોતો. શામાટે તેને અહીં લાવવામાં આવ્યો છે તે વાત તે તરત સમજી ગયો. જ્યારે કાજીની રજા લઇને પાદશાહે તે છોકરાને એમ કહ્યું કે હે બાળક ! હવે તને શું ખાવાની ઇચ્છા છે ? જે તારી મરજી હોય તે માગી લે. છોકરાએ વિચાર કર્યો કે ગમે તેવું ભોજન કરીને અંતે મરવું તો ખરૂંજ છે તો પછી ખાવું શું ? તેથી તેણે કાંઇ માગ્યું નહિ, પણ ઉંચી નજર કરી આકાશ સામું જોઇ ખડખડ હસવા લાગ્યો. પાદશાહે પૂછ્યુંઃ છોકરા ! તારૂં મરણ નજીક છે છતાં તને હસવું કેમ આવે છે ? હસવાનું શું કારણ છે ? ત્યારે છોકરે કહ્યું કેઃ સાંભળો–

श्लोक ॥

माता यदि विषं दद्यात् । पित्रा विक्रीयते सुतः ॥
राजा हरति सर्वस्वं । शरणं को भविष्यति ॥ १ ॥

(આ શ્લોકનો અર્થ બધાના સમજવામાં આવે તેટલા માટે મહારાજશ્રીએ ગુજરાતી ભાષામાં સમજાવ્યો કે) બાળકને બીજા છોકરાઓ કંઇ નુકસાન કરે ત્યારે તેની ફરિયાદ પોતાની માતા પાસે લાવે, માતાની ફરિયાદ પિતા પાસે લાવે, અને પિતાની કાંઇ કનડગત હોય તો રાજા પાસે તેની ફરીઆદ થાય, પણ રાજાનો કોપ થાય તો તેને કોની પાસે જવું ?

અર્થાત્–માતા પુત્રને ઝેર પાય, પિતા પૈસાની લાલચે વેચવા તૈયાર થાય, અને રાજા બધું લઇ લેવા તૈયાર થાય, ત્યારે તે બાળકે કોનું શરણ લેવું ?

भो राजन् ! अस्यां पृथ्व्यां नास्ति कोपि मे शरण्योऽतो-ह्मन्तरीक्षे निरीक्षितवान् तत्र च परमेश्वरेणाहमाश्वस्तोऽस्मि यदन्येषामशरण्यत्वेप्यहं मद्भक्तस्य शरण्यो भविष्यामीति श्रुत्वा प्रसन्नोहं हसामि ।

बालस्य चातुर्ययुक्तमेतत्संभाषणं निशम्य पातशाहस्य चित्तं दयार्द्रं समभूत्। स्वहस्तेन बालं गृहीत्वा स्वोत्संगे स निवेशयामास कण्ठस्थं मुक्ताहारञ्च बालाय समर्पितवान् प्रोवाच च "भो बाल त्वं निर्भयोसि । मम प्राणास्तिष्ठन्तु वा गच्छन्तु वा नाहं तदर्थं त्वादृशं निरपराधं बालं मारयामि ।" इत्युक्त्वा स बालः पुनः तत्पितृभ्यः समर्पितः परञ्च तद्बालस्य शुभाशिषा अभयदानेन च पातशाहस्य रोगो विनाप्युपचारेण निवृत्तोऽभूत्॥

ગુજરાતીમાં અર્થ.

હે રાજા ! આ પૃથ્વીમાં મને શરણે રાખે એવો કોઇ પણ પુરૂષ અત્યારે નથી, કારણ કે માબાપ, રાજા ને કાજી એ સર્વ મારાથી વિમુખ થયા છે, તેથી મેં આકાશ તરફ જોયું એમ ધારીને કે ઉપર પરમેશ્વર છે ને તે મારી ફરિયાદ સાંભળશે. મારી દાદ સંભળાઇ ને પરમેશ્વર તરફથી મને આશ્વાસન મળ્યું કે તું નિર્ભય રહે. બીજું કોઇ તને શરણ નથી તોપણ હું મારા ભક્તને શરણે રાખું છું. આ સાંભળીને હું પ્રસન્ન થઇ હસું છું. છોકરાનું ચતુરાઇભરેલું આ ભાષણ સાંભળીને બાદશાહનું ચિત્ત દયાથી પીગળી ગયું. એકદમ છોકરાને પોતાના હાથેજ પોતાના ખોળામાં બેસાડયો ને કંઠમાં રહેલો મોતીનો હાર છોકરાને પહેરાવી દીધો, ને કહ્યું કે છોકરા હવે તું નિર્ભય છું. મારા

પ્રાણુ જાય કે રહે તેની મને દરકાર નથી. મારા પ્રાણુને માટે તારા જેવા નિરપરાધી બાળકનું ખૂન નહિ કરવું; એમ કહીને પોતાના સેવકોની મારફત તે છોકરો તેના માબાપને સોંપવામાં આવ્યો. પરંતુ તે બાળકને આપેલા અભયદાનથી ને સુભાશીષથી બાદશાહનો રોગ નિવૃત્ત થયો.

આટલું કામ કર્યા પછી ૩૪ મું અવધાન શરૂ થયું.

અવધાન ૩૪ મું.

મી. દાદામીયાં સૈદામીયાંએ પરસ્યન ભાષામાંથી એક વાક્ય લઇ આડા અવળા શબ્દો કરી મહારાજશ્રીને કહી સંભળાવ્યા:

૫ મો શબ્દ 'મલજાય' ૬ ઠ્ઠો શબ્દ 'ખુદ'
૩ જો શબ્દ 'માવાય' ૧ લો 'કુલેયે'
૭ મો શબ્દ 'કરેદખુદન' ૨ જો 'કુહીર'
૪ થો શબ્દ 'વ'

અવધાન ૩૫ મું.

મી. વેલજીભાઇ લખમશી નપુએ એક અંગ્રેજી વાક્ય આડા અવળા શબ્દોમાં મહારાજશ્રીને કહી સંભળાવ્યું કે:—

2 are, 3 you, 1 What, 5 my, 4 doing, 7 sir, 6 good.

અવધાન ૩૬ મું.

આ પ્રશ્નમાં મી. કાજીજી બેરીસ્ટરે પાંચ આંકડાની પાંચ રકમો મહારાજશ્રીને જુદી જુદી કહી સંભળાવી તે નીચે પ્રમાણે હતી:

૯૩૫૩૧
૯૩૫૪૧
૯૩૫૫૧
૯૩૫૬૧
૯૩૫૭૧

ઉપરની રકમોનો સરવાળો કહેવાની માંગણી કરવામાં આવી હતી.

આ પ્રશ્ન પૂછાયા દરમ્યાન ૨।।। કલાક પૂર્ણ થયા હતા. હવે વધારે કામ આપવું સમાજને યોગ્ય ન લાગવાથી પ્રશ્નો પૂછવાનું કામ બંધ થયું. જો કે આ મહાત્મા બરાબર ૧૦૦ પ્રશ્નોના ઉત્તર આપી શકે તેવા શક્તિમાન્ છે, પરંતુ તેમાં પુષ્કળ ટાઇમ વ્યતીત કરવો પડે ને પ્રેક્ષકો લાંબો સમય ધીરજ રાખી સ્થિર રહી શકે નહિ એમ ધારી ત્રણ કલાકમાં થાય તેટલાં અવધાનો કરાવ્યાં.

અવધાનના જવાબો.

ટાઇમ પુષ્કળ ગએલો હોવાથી સૌએ પ્રશ્નોના ઉત્તર આપવાની મહારાજ સાહેબને વિનતિ કરી કે તુરતજ મહારાજશ્રીએ અવધાનનો પહેલો શ્લોક જે ચાર ચરણમાં જુદે જુદે વખતે સાંભળ્યો હતો. તેનું સંયુક્ત સ્વરૂપ તૈયાર કરી હૃદય ભૂમિમાં જે સંગ્રહી રાખ્યું હતું તે હવે નદીના વહેતા પ્રવાહની પેઠે અસ્ખલિત રીતે ક્રમસર કહેવા માંડયું.

અવધાન ૧ લું, ૮ મું, ૧૮ મું, અને ૨૫ મું.

विहाय पौरुषं यो हि, दैवमेवावलम्बते ।

प्रासादसिंहवत्तस्य, मूर्ध्नि तिष्ठन्ति वायसाः ॥

અવધાન ૨ જું—રામા ને રત્નાની કથા અવધાન દરમ્યાન પૂરી સાંભળી.

અવધાન ૩ જું—ગુરૂભક્તિ ઉપરનો વસંતતિલકા નીચે પ્રમાણે સંભળાવ્યો:

जाड्यं निहन्ति मनसो गुरुभक्तिरुच्चै-
र्ज्ञानं ददाति परमं सकलां श्रियं च ॥
कष्टं विदारयति वै गुरुभक्तिरुच्चैः
स्वर्मोक्षसौख्यजनिका गुरुभक्तिरुच्चैः ॥ १ ॥

અવધાન ૪ થું—સોળ કોઠાનો એકી યંત્ર પણ મહારાજ સાહેબે ગોઠવી આપ્યો કે જેનો બધી તરફથી ગણતાં સરવાળો ૧૭૧ થયો તે આ પ્રમાણેઃ—

૭૭	૮૫	૨	૭
૬	૩	૮૨	૮૦
૮૪	૭૮	૮	૧
૪	૫	૭૯	૮૩

અવધાન ૫ મું—૬૪ પાનાની થોકડીનો જવાબ મહારાજશ્રીએ કહ્યો કે નીચેના દાણાનો સરવાળો ૩૮ થાય છે.

અવધાન ૬ ઠું—સાક્ષર શ્રી રણછોડભાઈને કહ્યું કે આપના કહેવાના શબ્દો એવા છે, કે " બ્રિટિશ રાજ્યનો જય થતાં જર્મન હારી જાઓ." રણછોડભાઈ કહેઃ બરાબર તે જ છે.

અવધાન ૭ મું—રાજભક્તિ ઉપર શિખરિણી વૃત્ત મહારાજ સાહેબે પૂરો લખાવી દીધો હતો, તે આ પ્રમાણેઃ—

यथा देहस्वास्थ्ये भवति मनसः स्वास्थ्यमनघं ।
प्रजास्वास्थ्यं यद्वन्नरपतिमनः प्रेमवशगम् ॥

अधीनं तद्भक्तेः सुहृदयजुषस्तस्य नृपते-
र्दयार्द्रं यच्चित्तं गणयति जनान् यश्च सुतवत् ॥ १ ॥

અવધાન ૯ મું—આ પ્રશ્નનો જવાબ આપવો એ ભલભલાનું પાણી ઉતારી નાંખે તેવો છે. કોઇ પણ વર્ષમાં, ગમે તે માસમાં, ગમે તે તારીખે વાર શોધી કાઢવો તે કાંઈ ઓછી શક્તિનું કામ નથી. મહારાજશ્રીએ જ્યારે 'બુધવાર' કહ્યો ત્યારે સૌ અજબજ થઇ ગયા.

અવધાન ૧૦ મું—૧૦ મા પ્રશ્નના પૃચ્છક મી. મનમોહનદાસ રામજીને જવાબ આપતાં મહાત્માશ્રીએ જણાવ્યું કે તમારા બંને પાસા પૈકી એકમાં ત્રણ ને બીજામાં ચાર દાણા છે, જે તપાસતાં બરાબર સૌને જણાયા હતા.

અવધાન ૧૧ મું—મી. જયસુખલાલ કે. મહેતાના અશુદ્ધ શ્લોકને મહારાજશ્રીએ શુદ્ધ કરાવી નીચે પ્રમાણે લખાવ્યો હતોઃ

भोगस्य भाजनं राजा, न राजा कार्यभाजनम् ॥
राजकार्यपरिध्वंसान्मन्त्री दोषेण लिप्यते ॥ १ ॥

અવધાન ૧૨ મું—ક્ષમા વિષેનો નિબંધ અવધાનમાં વચ્ચે જૂદે જૂદે વખતે ત્રણ કકડામાં લખાવ્યો હતો તે આપણે વાંચી ગયા.

અવધાન ૧૩ મું—મી. કાપડીઆએ અવળા સવળા શબ્દોનું જે સંસ્કૃત વાક્ય પૂછ્યું હતું તે મહારાજશ્રીએ નીચે પ્રમાણે કહ્યુંઃ

धर्मस्य सारमुपलभ्य को जनः प्रमादं करोति ॥

અવધાન ૧૪ મું—સોળ કોઠાનો બેકી યંત્ર ૩૮૪૮ નો માંગવામાં આવ્યો હતો તે મહારાજશ્રીએ બે ભાગે પૂર્ણ કરાવ્યો હતો, તે આ પ્રમાણે—

૧૯૧૬	૧૯૨૩	૨	૭
૬	૩	૧૯૨૦	૧૯૧૯
૧૯૨૨	૧૯૧૭	૮	૧
૪	૫	૧૯૧૮	૧૯૨૧

અવધાન ૧૫ મું—પ્રમુખ સાહેબ સાથે મોક્ષ વિષય પરત્વે સંસ્કૃતમાં વાતચીત કરી હતી, તે આગળ વાંચી ગયા.

અવધાન ૧૬ મું—મુઠીમાં રાખેલા પૈસાનું ગણિત કરાવી તેનો જે જવાબ મહારાજશ્રીએ ધારી રાખ્યો હતો તે આ વખતે કહ્યો કે જમણીમાં ૨ ને ડાબીમાં ૫.

અવધાન ૧૭ મું—સંસ્કૃતમાં દયાના શુભ ફળ ઉપર પાદશાહની કથા અવધાન દરમ્યાન કહી સંભળાવી હતી.

અવધાન ૧૯ મું—ગુપ્ત રાખેલો આંકડો મહારાજશ્રીએ કહી સંભળાવ્યો હતો કે ૫ છે; એટલે કે **૫૯૩૫**૬૯૮ નામની સંખ્યામાંથી **૫** નો આંક ગુપ્ત રાખ્યો છે. સૌને આવા આશ્ચર્ય ઉત્પન્ન કરે એવા એક પછી એક જવાબ સાંભળી આનંદ આવે તેમાં શું નવાઇ ?

અવધાન ૨૦ મું—જ્ઞાન ને ભક્તિના સંબંધ ઉપર સંસ્કૃતમાં નિબંધ કકડે કકડે અવધાન દરમ્યાન લખાવ્યો હતો.

અવધાન ૨૧ મું—નીતિ ઉપરનો હરિગીત છંદ અર્ધો લખાવાઇ ગયો છે, ને બાકી રહેલો અર્ધો ભાગ હવે મહારાજશ્રીએ લખાવવો શરૂ કર્યો:

નીતિ અને ચ્હડતી સ્થિતિનો વ્યાપ્ય વ્યાપક ભાવ છે,
ચાહો ઉદય જો દેશનો, સેવો નીતિ આ દાવ છે !

આ કાવ્યમાં પ્રબોધાએલો વ્યાપ્ય વ્યાપક શબ્દનો ધ્વનિ સાંભળી ન્યાયશાસ્ત્ર કે તર્કશાસ્ત્ર શિખનારા કે જાણનારાના મનમાં શું ઓછો આનંદ આવ્યો હશે ? ગુજરાતી ભાષાની કવિતામાં આવો શબ્દપ્રયોગ એ સારા સંસ્કૃત નૈયાયિકનું લક્ષણ બતાવી આપે છે.

અવધાન ૨૨ મું—વીંટી પહેરવાના સંબંધનો જવાબ આપતાં મહારાજશ્રીએ જણાવ્યું કે તમારા પાંચ જણમાંના પહેલા માણસે ડાબા હાથની પહેલી આંગળીના ત્રીજા વેઢે પહેરી છે. એ સાંભળીને સૌ ખુશ થયા.

અવધાન ૨૩ મું—આ અવધાનમાં ચંદ્રની શીતળતા ઉપરનો સવૈયો અર્ધો જે બાકી રહ્યો હતો તે હવે લખાવવો શરૂ કર્યો:

સૂર્યતાપથી તપ્ત થએલને, આપે નહિ જે સુખ અન પાણી,
તે સુખ ચંદ્રની શીતળતા દે, સાંભળી એમ પથીકની વાણી.

સવૈયો સાંભળતાંજ સૌને ગુજરાતી ભાષાના સારા કવિ તરીકેનું માન ઉત્પન્ન થયું.

અવધાન ૨૪ મું—હિંદી ભાષામાં સાંભળેલું વાક્ય મહારાજશ્રીએ આ વખતે ગોઠવીને લખાવ્યું કે,—

उदारचित्त महापुरुषोंको दुनियामें सर्व प्राणी आत्मावत् हैं ।।

જે પૂછનારના હેતુ મુજબ યથાર્થ હતું.

અવધાન ૨૬ થી ૩૩ મું—આ આઠ આવધાનના આઠ પ્રકારના જવાબો મહારાજશ્રીની હૃદયભૂમિમાંથી નીકળ્યા કે તમોએ કાગળમાં લખી રાખેલી રકમ નીચે પ્રમાણે છેઃ

પહેલા	ગૃહસ્થના કાગળમાં	૧૮૦	પાંચમા	ગૃહસ્થના કાગળમાં	૧૨૦
બીજા	,,	૨૪૦	છઠ્ઠા	,,	૧૬૦
ત્રીજા	,,	૩૦૦	સાતમા	,,	૨૦૦
ચોથા	,,	૩૬૦	આઠમા	,,	૨૪૦

એમ ક્રમસર આઠ જવાબો સર્વની ઇચ્છા મુજબ સાંભળી સભાને આનંદ થયો. જેણે લાંબો સમય થયાં આત્મા ઉપર વિજય મેળવેલો છે, તેમજ દીર્ઘકાળ આત્મચિંતવન જ્ઞાનના વધારા સાથે સ્મરણ શકિત ઉપર સંપૂર્ણ વિજય મેળવ્યો છે, એવા આ જ્ઞાનના તપસ્વી મહાત્માએ અવધાનના ૩૩ પ્રશ્નોના ઉત્તર આપણને સત્ય સ્વરૂપે યથોચિત ને આશ્ચર્યજનક રીતે સંભળાવ્યા.

હવે ૩૪ મું અવધાન નીચે પ્રમાણે કહેવું શરૂ થયું.

અવધાન ૩૪ મું—પરસ્યન ભાષામાં પુછાએલ શાબ્દસમૂહ મહારાજશ્રીએ યોગ્ય રીતે ગોઠવી નીચે પ્રમાણે કહ્યું—

" કુલેયે કુહીર માવાય વ મલઝાય ખુદ કરેદમુદન.

અવધાન ૩૫ મું—અંગ્રેજી ભાષામાં સંભળાવેલા જુદા જુદા શબ્દો ઉપરથી એક સંયુકત વાકય બનાવી કહ્યું કે,–What are you doing my good sir ?

અવધાન ૩૬ મું—મી. કાજીજી બેરીસ્ટરે જે સંખ્યાઓ કહી સંભળાવી હતી તે ઉપરથી તે પાંચ આંકડાની પાંચ રકમોનો સરવાળો મહારાજશ્રીએ કહ્યો કે, તમારી સંખ્યાઓનો સરવાળો ૪૬૭૭૫૫ થાય છે. મી. કાજીજી કહે: બરાબર તેજ પ્રમાણે છે.

ઉપર પ્રમાણે ૩૬ અવધાનો પૂર્ણ થયાં તે આપણે જોયાં. દરમ્યાન ત્રણ કલાક પણ પૂર્ણ થયા ને ત્રણ કલાકની જે યોજના કરવામાં આવી હતી તે યથાવિધિ પાર ઉતરી.

જુદાં જુદાં વિવેચનો.

અવધાનક્રિયા પૂરી થયા પછી હાજર રહેલા સુજ્ઞ પુરૂષોમાંથી મી. મોતીચંદ ગિરધર કાપડીઆ બી. એ. એલ. એલ. બી. સોલીસીટરે જણાવ્યું કે, આજે આપણે અવધાનની અદ્‌ભુત શકિતનો પરિચય કર્યો છે, ત્રણ કલાક સુધી આડાઅવળા વિષયો ઉપર ધ્યાન

આપી તે સર્વ વિષયોને ક્રમસર ગોઠવી બરાબર જવાબો જે મહારાજશ્રીએ સંભળાવ્યા તે શું આપણને હેરત પમાડનારા નથી ?

ખાસ લક્ષ ખેંચવાની બીના તો એ છે કે અવધાન દરમ્યાન કેટલાક વિષયોમાં ચળકતી વૈરાગ્યભાવના સ્ફુરી રહેલી છે. અવધાન કરનાર પોતેજ ત્યાગી એટલે તેમનાં વાક્યોમાં ત્યાગ અને વૈરાગ્ય સ્ફુરે એ સ્વાભાવિક છે. આપણી ભૂમિમાં આવા પુરૂષોની હૈયાતી માટે આપણે મગરૂર થવું જોઇએ. વખત ઘણો ગયો છે જેથી હવે વધારે વખત ન લેતાં હું બેસી જવાની રજા લઉં છું.

ત્યારપછી આપણી આ નગરીના માનનીય શેઠ મનમોહનદાસ રામજીએ પોતાનો અભિપ્રાય આપતાં કહ્યું કે, ગૃહસ્થો! મહારાજશ્રીએ પોતાની સ્મરણશક્તિ અદ્‌ભુત રીતે ખીલવેલી છે. તેની સાથે તેમનું સંસ્કૃત જ્ઞાન ઉંચું છે, કવિતાશક્તિ પણ ઘણી ઉંચી છે.

કેટલાક પૂછનારાઓએ એકેક અક્ષર આડા અવળા સંભળાવ્યા તેની વચ્ચે બીજાં ઘણાં કામોમાં તેમના ચિત્તને રોકવામાં આવ્યું. એવા ગુંચવણભરેલા પ્રશ્નો પૂછવામાં આવ્યા કે જે ઉપરથી આપણે એમ ધારી શકીએ કે સંભળાવેલા અક્ષરો ને વાક્યો મહારાજ ભૂલી જ ગયા હશે, ને જવાબ આપતી વખતે જરૂર મહારાજને અચકાવું પડશે. પણ જ્યારે આપણે મહારાજશ્રીના જવાબો એક પછી એક બરાબર સાંભળ્યા ત્યારે આપણી અજાયબીનો પાર રહ્યો નહિ. આવી શક્તિવાળા પુરૂષો થોડાજ હોય છે, તોપણ એવા પુરૂષો આપણી ભૂમિના ભૂષણરૂપ છે.

ત્યારપછી સભામાં હાજર રહેલા બીજા એકાદ બે ગૃહસ્થે પણ આ અવધાનક્રિયા જોઇને પોતાનો અંતઃકરણનો આનંદ પ્રકાશ્યો હતો કે મહાપુરૂષોની મહત્તાનો આધાર તેમના જ્ઞાનપ્રકાશને આભારી છે. તે ઉપરાંત પણ બીજું કેટલુંક વિવેચન કરવામાં આવ્યું હતું.

આપણું લક્ષ્યબિંદુ જેના ઉપર ખેંચાઇ રહ્યું હતું તે સમય પણ હવે નજીક આવેલો જોઇ સૌનાં મન પ્રસન્ન થયાં. આ આંતરાનંદ આપણી સમાજના પ્રમુખ સર ચંદાવરકર નાઇટની વાણીમાં રહ્યો હતો તે પણ આપણે યથેચ્છ અનુભવ્યો. તેઓશ્રીએ જણાવ્યું કે, ગુજરાતી ભાષા મારી સ્વભાષા નથી માટે કાંઈ ભૂલ થાય તો ક્ષમા કરશો. મુનિ મહારાજે સ્મરણશક્તિના જે અદ્દભુત પ્રયોગો બતાવ્યા તેથી મારા અંતઃકરણમાં જે વિચારો ઉત્પન્ન થયા છે તે હું ટુંકામાં કહીશ. એક ભાઇએ પોતાના ભાષણમાં જણાવ્યું કે મહારાજશ્રીનું આપણે અનુકરણ કરવું, પણ હું જણાવીશ કે અનુકરણ કરવું એ સહેલું કામ નથી. એટલી શકિત થયા વિના આપણે અનુકરણ કેમ કરી શકીએ ? હું નથી ધારતો કે આપણામાં આ જાતની સ્મરણશકિત હોય. અલબત્ત થોડી યા ઝાઝી સ્મરણશકિત દરેકને મળેલી છે, પણ તેનો ઉપયોગ કેવો કરવો તે જોવાનું છે. કોઈ ગાળ આપે તો તે ઘણા વખત સુધી યાદ રાખી પ્રેસ કરવામાં આવે એ પણ સ્મરણશકિત છે, પણ તેથી માણસ પશુની સ્થિતિ ઉપર જઇ પહોંચે છે. આપણે ઈશ્વર તરફના પ્રેમનું સ્મરણ કરી દયા ક્ષમા ને શાંતિના ગુણોને ખીલવીએ તો મનુષ્યનું જીવન સાર્થક થઈ શકે, એ જૈન ને વૈષ્ણવ ધર્મોની મૂળ સ્મૃતિ છે ને તે સ્મૃતિનો અર્થ ઈશ્વિરી જ્ઞાન પ્રાપ્ત કરી તેને સ્મરણશક્તિની મદદથી જાળવી રાખી બીજાને આપવું તે છે. કોઇ કહે છે કે વેદ, જૈન, ને વૈષ્ણવ ધર્મ જુદા છે પણ હું કહું છું કે ત્રણે એકજ છે, કારણકે ત્રણેના સિદ્ધાંતોનું મૂળ એકજ છે, ને તે ત્રણે એકજ બંધુત્વને ખીલવી તેમાં પ્રેમનું તત્વ દાખલ કરવાનું શિક્ષણ આપે છે. માટે તે સમજી માતૃભૂમિની સેવા કરવા તમો તત્પર બનો એટલુંજ હું ઇચ્છું છું.

પ્રમુખ સાહેબનું ભાષણ થયા પછી ખોખાણી લક્ષ્મીચંદ માણે-

કચંદે પ્રમુખ સાહેબનો ઉપકાર માની મુનિશ્રીના માનમાં ત્રણ વખત જયજીનેંદ્ર બોલાવી મેળાવડો વિસર્જન થયો હતો. મેળાવડો વિસર્જન થતાં પ્રેક્ષકોનું મોટું ટોળું ચારે તરફ જતું જોવામાં આવ્યું. લગભગ ૧૨ વાગ્યાનો સુમાર હતો. ભૂખ ને તૃષાથી સૌ શ્રમિત થએલા જણાતા હતા પરંતુ સૌની મુખમુદ્રા આનંદમાં ગરકાવ થએલી દસ્યમાન થતી હતી. ભવ્ય મકાનમાં થએલી આ ક્રિયા હજારોની સંખ્યાને બતાવાએલી જેથી બધા સંપૂર્ણ સાંભળી ન શકે યા સંપૂર્ણ સમજી ન શકે એ બનવાયોગ્ય છે, તેથી જેઓ બરાબર સમજી શકયા ન હતા તેઓ પરસ્પર પૂછતા, આશ્ચર્ય પામતા ને વિચારમાળાનો જપ કરતા સૌ પોતપોતાને ઘેર ગયા.

અવધાન સંબંધનો આ લેખ પૂરો કરતાં લેખક હવે થોડુંજ કહેવાની અભિલાષા રાખે છે તે એ કે,–વાચકની વૃત્તિને તૃપ્ત કરવા બનતો પ્રયત્ન કરી સરળતા રાખવામાં આવી છે જેથી તેમ કરતાં કાંઇ વૃથા વાગ્વિલાપ થયો હોય, અથવા પુનરૂક્તિ થઇ હોય તો ક્ષમા.

માણસ માત્ર દોષને પાત્ર છે. આ ઉક્તિ પ્રમાણે કદાચ આ લેખમાં કાંઇ દોષ થયો હોય તો દરગુજર થશે. મહાત્માશ્રીએ કરેલા પ્રયોગો સર્વથા શુદ્ધ ને કૃતિયુક્ત હતા. આ લેખમાં તેવીજ પવિત્રતા તથા ક્રમ કદાચ સચવાએલો જોવામાં નહીં આવશે એમ સંભવે છે, કેમકે મહારાજશ્રીએ બતાવેલા મૂળ પ્રયોગો આપણે સંપૂર્ણ સ્થિતિમાં આલેખી શકીએ નહિ. અવધાનક્રિયા વખત જે જે જોવામાં આવ્યું તે ઉપરથી લખવાનો આ પ્રયત્ન કરવામાં આવ્યો છે, જેથી કાંઇક અપૂર્ણતા સંબંધેનો દોષ લખનારનો છે પરંતુ મૂળ વસ્તુના ઉત્પાદક મહાત્માશ્રીનો નથી.

અવધાનક્રિયા સંબંધે લખવાનું પુરૂં થયું એમ ધારી આવા અગાધ જ્ઞાનના અધિષ્ઠાતા ને હાલના વિદ્યમાન અવધાની મહાત્માઓમાં

શ્રેષ્ઠ આ રત્નચંદ્રજી મુનિશ્રીનું જેટલું યશોગાન કરીએ તેટલું ઓછું છે, કેમકે અવધાનક્રિયા જોયા પછી તો તે સૂર્યને ઓળખાવવા સરખું લાગે છે. એક પાશ્ચાત્ય વિદ્વાને કહ્યું છે કે,—એક વસ્તુ જેવી હોય તેવી કહેવાનો પ્રસંગ ઇષ્ટકૃપાએ જ્યારે મને પ્રાપ્ત થાય છે ત્યારે મારા આત્માના આનંદનો કાંઇ પાર રહેતો નથી. આ કથન આ સ્થળે યથાવિધિ લાગુ પડે છે. આ મહાત્માના ગુણાનુવાદ ગાવામાં તેટલુંજ સત્ય સમાએલું છે. હવે આ પ્રસંગે આપણી આ અવધાનસમાજના પ્રમુખ સર ચંદાવરકર નાઇટે પોતાની વાણીદ્વારા જે વિચારો સભા સમક્ષ બતાવ્યા તેમાંથી નીચેના શબ્દો આ જગાના પુરક તરીકે મૂકવા એટલેજ બસ થશે; તે શબ્દો આ હતા:—

"મારા ને તમારા સૌના કરતાં આ મહાત્માની આત્મિક શક્તિ ઘણા મોટા પ્રમાણમાં ખીલેલી છે. આત્મા સૌમાં એક છે ને તેની શક્તિ અનંત છે પરંતુ તેને ખીલવનાર, પ્રકાશનાર ને સદ્માર્ગે દોરવનાર વ્યક્તિજ મહદ્‌પણાને પામે છે."

આ વચનથીજ હવે સંપૂર્ણપણે કહેવાઇ ગયું છે એમ ધારી મહાત્માના ગુણાનુવાદ બંધ કરી આ લેખ પૂરો કર્યો છે. વાચક વાંચી સત્યાર્થ હૃદયમાં ઉતારશે તો લેખક પોતાનો પ્રયત્ન સફળ થયો માનશે.

इत्यलम्.

शुद्धिपत्र

पृष्ठ	लींटी	अशुद्ध	शुद्ध
૧૯	૧૭	तथा	यथा
૧૯	૧૮	स्वास्थ्ये	स्वास्थ्यं
૧૯	૧૮	यद्वन्	तद्वन्
૨૭	૨૧	ચકત્સા	ચિકિત્સા
૨૮	૧૨	द:	द
૨૯	૧૨	शब्दे	शब्देन
૩૧	૨૨	અધરી	અધુરી
૩૪	૧૫	मु	मृ
૩૯	૨૪	न्त	न्तं
૪૦	૧૮	।પ	િપ
૪૮	૩	આત્મ ચિંતવન	આત્મ ચિંતવન કરી

